પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૦૮, કુલ પાના:૪, તારીખ: ૨૯-૧૨-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 108 PRICE :-RS. 1.50 DATE : 29-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ડ્રાઈવરલેસ મેટ્રોનું ઉદઘાટન: PMએ દેશની પ્રથમ ઓટોમેટેડ મેટ્રોની શરૂઆત કરી



ડ્રાઈવરલેસ મેટ્રો ટ્રેનનું ઉદ્ઘાટન કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, પહેલી ડ્રાઈવરલેસ મેટ્રોનું ઉદ્ઘાટન દર્શાવે છે કે ભારત સ્માર્ટ સિસ્ટમ તરફ કેટલી ઝડપથી અગ્રેસર બની રહ્યું છે. પીએમ મોદીએ કહ્યુ કે, ૨૦૨૫ સુધી ૨૫ શહેરમાં મેટ્રો દોડાવવાનું લક્ષ્ય છે. વડાપ્રધાને પોતાના સંબોધનમાં

ન્યુ દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશની પહેલી ચાલકરહિત ટ્રેન સેવાની દિલ્હી મેટ્રોની મજેન્ટા લાઈન પર ૨૮ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી લીલી ઝંડી બતાવીને ઉદ્ઘાટન કર્યું છે. તેની સાથોસાથ તેઓ એરપોર્ટ એક્સપ્રેસ લાઈન અને નેશનલ કોમન મોબિલિટી કાર્ડ સેવાની પણ શરૂઆત કરી છે. આ કાર્યક્રમમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ ઉપસ્થિત રહ્યા. કહ્યું કે, આજથી ત્રણ વર્ષ પહેલા મજેન્ટા લાઈનની શરૂઆત થઈ હતી. હવે આ લાઈન પર ડ્રાઈવરલેસ મેટ્રોની શરૂઆત થઈ રહી છે. પીએમ મોદીએ કહ્યું કે ભવિષ્યની જરૂરિયાતો માટે દેશ કામ કરી રહ્યો છે.૨૦૨૫ સુધીમાં ૨૫થી વધુ શહેરોમાં મેટ્રો દોડશે. વડાપ્રધાને કહ્યું કે, અટલજીના પ્રયાસોથી દિલ્હીને પહેલી મેટ્રો મળી, જ્યારે અમે સત્તામાં આવ્યા તો માત્ર ૫ શહેરમાં મેટ્રો હતી હવે ૧૮ શહેરમાં છે. વર્ષ ૨૦૨૫ સુધી ૨૫થી વધુ શહેરોમાં મેટ્રો ટ્રેન દોડશે.

પીએમ મોદીએ કહ્યું કે આવા પરિવર્તનો સામાન્ય લોકોના જીવનમાં ફેરફારના સંકેત છે. પહેલા દેશમાં મેટ્રોને લઈને કોઈ નીતિ નહોતી, પરંતુ અમે તેને લઈને ઝડપથી કામ કર્યું અને શહેરોના હિસાબથી કામ શરૂ કરી દીધું. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, થોડા સમય પહેલા ભ્રમની સ્થિતિ બનેલી હતી, પરંતુ કોઈ ભવિષ્યની તૈયારી નહોતી. જેના કારણે શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ડિમાન્ડ સામે સપ્લાયમાં ઘણું અંતર આવ્યું. શહેરીકરણને પડકાર માનવામાં આવે અને અવસર તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે. આ પહેલા, PMOના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ચાલકરહિત ટ્રેન સંપૂર્ણપણે સ્વચાલિત હશે, જે કોઈ પણ માનવીય ભૂલની શક્યતાઓ ખતમ કરી દેશે. દિલ્હી મેટ્રોની મજેન્ટા લાઇન (જનકપુરી પશ્ચિમ-બોટનિકલ ગાર્ડન) પર ચાલકરહિત ટ્રેન સેવા શરૂ થયા બાદ પિંક લાઇન પર ૨૦૨૧ના મધ્યમાં ચાલકરહિત ટ્રેન સેવા શરૂ થવાની અપેક્ષા છે. મજેન્ટા લાઇન તર જનકપુરી-બોટનિકલ ગાર્ડન કોરિડોર પર ૩૭ કિલોમીટરના દાયરામાં આ સેવાની શરૂઆતની સાથે દિલ્હી-એનસીઆરની યાત્રા અત્યાધુનિક સેવાઓની પોતાની સગવડ માટે ઉપયોગ કરી શકાશે. એનસીએમસીને એરપોર્ટ એક્સપ્રેસ લાઈન પર સંપૂર્ણપણે સંચાલિત કરવામાં આવશે. તેની સાથે જ દેશના કોઈ પણ હિસ્સાથી ઈસ્યૂ રૂ પે ડેબિટ કાર્ડ રખનારા કોઈ પણ વ્યક્તિ તેનો ઉપયોગ કરી માર્ગ પર યાત્રા કરી શકશે.

પીએમમોએ કહ્યું કે આ સુવિધા ૨૦૨૨ સુધી દિલ્હી મેટ્રોના તમામ નેટવર્ક પર ઉપલબ્ધ થઈ જશે. ટેક્નોલોજીની દિશામાં દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન (ડીએમઆરસી)ના આ પગલાગથી ડીઆરસીનું નામ દુનિયામાં અગ્રણી મેટ્રો સેવામાં સામેલ થઈ જશે. જૂન ૨૦૨૨ સુધી પિંક લાઈન (મજલિસ પાર્ક-શિવ વિહાર) પર ૫૭ કિલોમીટરના દાયરામાં પણ ચાલકરહિત મેટ્રોની શરૂઆતની શક્યતા છે. આવતા વર્ષ સુધીમાં મેટ્રોની યાત્રા કરનારા લોકોને ૯૪ કિ.મી.ના દાયરામાં ચાલકરહિત મેટ્રોમાં મુસાફરીની તક મળશે. આ સમગ્ર દુનિયામાં ડ્રાઈવરલેસ મેટ્રો નેટવર્કનું લગભગ ૯ ટકા હશે. આ સેવા પૂરી રીતે સ્વચાલિત હશે. મેટ્રોની તમામ લાઈનો પર ૨૦૨૨ સુધી મુસાફરોને કોમન મોબિલિટી કાર્ડથી મુસાફરી કરવાની તક મળશે. ડીએમઆર સી તરફથી હાલમાં ૩૯૦ કિલોમીટરના દાયરામાં ૧૧ કોરિડોરના ૨૮૫ સ્ટેશનોની વચ્ચે મુસાફરોને મેટ્રો સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.

## અમદાવાદમાં તાપમાન ૧૦ ડીગ્રીથી નીચે જવાની સંભાવના



ગાંધીનગર,

ઉત્તર ભારત તરફથી ફૂંકાતા ઠંડા પવનના કારણે ગુજરાતમાં ઠંડી એ સપાટો બોલાવ્યો છે. ગુજરાતમાં ઠંડીમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહીના સતત બીજા દિવસે ગુજરાતના અનેક શહેરોમાં સરેરાશ લઘુતમ તાપમાન નીચે નોંધાયું છે. નલિયામાં તો પારો ગગડીને ૩.૨ ડિગ્રી પહોંચી ગયો હતો. રાજ્યના તમામ મહાનગરોમાં પણ ઠંડીનો ચમકારો અનુંભવાયો હતો. ગુજરાતીઓ ફરી એકવાર રેકોર્ડબ્રેક ઠંડી પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઉત્તર ભારતમાં હિમવર્ષાથી ગુજરાતમાં ઠંડીનું જોર વધશે. ૨૮થી ૩૦ ડિસેમ્બર સુધી રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં હાડ થીજાવતી ઠંડી પડશે, જેમાં અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં કાતિલ પવનો ફૂંકાઈને ઠંડીનો અહેસાસ થશે.

ઉત્તર ગુજરાતમાં વધુત્તમ તાપમાન ૭ ડિગ્રી ઘટવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગરમાં પણ ૮ ડિગ્રી તાપમાનની શક્યતા બતાવવામાં આવી છે. ગુજરાતમાં કાતિલ ઠંડીનો ચમકારો બીજા દિવસે પણ યથાવત રહ્યો છે. રાજ્યમાં ૩.૨ ડિગ્રી સાથે નલિયા ઠંડુગાર રહ્યું છે. આજથી ઉત્તર ગુજરાતમાં રેકર્ડ બ્રેક ઠંડી પડવાની હવામાન વિભાગે આગાહી કરી દીધી છે. ડીસામાં ૬.૭ ડિગ્રી તાપમાન, કંડલા એરપોર્ટ પર ૫.૫ ડિગ્રી તાપમાન, ગાંધીનગરમાં ૭.૫, કેશોદમાં ૮ ડિગ્રી, જ્યારે મહેસાણા, પાટણ, બનાસકાંઠામાં બરાબરનો શિયાળો જામ્યો છે. ઉત્તર ભારતમાં હિમવર્ષથી ઠંડીનું જોર વધ્યું છે. અમદાવાદમાં ૮.૩, રાજકોટમાં ૮.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૯.૫, અમરેલીમાં ૧૦ ડિગ્રી, ભુજમાં ૧૦.૨, પોરબંદરમાં ૧૦.૪ ડિગ્રી, ભાવનગર, વડોદરામાં ૧૧.૨ ડિગ્રી, મહુવા અને દીવમાં ૧૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ગુજરાતમાં ૨૮થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં હાડ થીજવતી ઠંડીનું પ્રમાણ હજુ વધી શકે છે. રાજ્યમાં સરેરાશ લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થવાની શક્યતા છે. ખાનગી સંસ્થાના અનુમાન પ્રમાણે પણ અમદાવાદમાં ૨૮ ડિસેમ્બર ૩૧ ડિસેમ્બર સુધી અમદાવાદી સહિત સમગ્ર ગુજરાતના લોકોને ટાઢમાં થથરાવું પડી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગની આગાહી પ્રમામે દક્ષિણ અરબી સમુદ્રમાં લૉ પ્રેશર સક્રિય થયું છે. જેના કારણે દરિયામાં મોટો કરંટ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે માછીમારો માટે એલર્ટ જાહેર કર્યું છે, જેમાં રાજ્યના નાના-મોટા તમામ માછીમારોને દક્ષિણ અરબી સમુદ્રમાં ન જવા સૂચના આપી દેવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે બે દિવસ તાપમાન રહેશે તેવી પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## કેવડિયા ખાતે નવા રેલવે સ્ટેશનનું લોકાર્પણ કરવા ગુજરાત આવી શકે છે વડાપ્રધાન મોદી

ગાંધીનગર,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી ગુજરાતના પ્રવાસે આવે તેવી શક્યતા છે. ફેબ્રુઆરી મહિનામાં પીએમ સ્ટેચ્યૂ ઓફ યૂનિટીની મુલાકાત લઈ શકે છે. જ્યાં પીએમ મોદી કેવડિયા ખાતે નવા રેલવે સ્ટેશનનું લોકાર્પણ કરે તેવી સંભાવના છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાલ થોડા-થોડા સમયના અંતરે ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. ત્યારે પીએમ મોદી ફેબ્રુઆરી મહિનામાં ફરી રાજ્યના પ્રવાસે આવે તેવી શક્યતા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફેબ્રુઆરીમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટિની મુલાકાત લઈ શકે છે. પીએમ મોદી કેવડિયા ખાતે નવા રેલવે સ્ટેશનનું લોકાર્પણ કરે તેવી સંભાવના છે. હાલ કેવડિયા રેલવે સ્ટેશનનું કામ પૂર્ણ થવાના આરે છે. સૂત્રોને મળતી માહિતી મુજબ સ્ટેચ્યુ ઓફ યુનિટિ સુધી પ્રવાસીઓને પહોંચવામાં સરળતા રહે તે માટે સરકાર દ્વારા કેવડિયા ખાતે નવા રેલવે સ્ટેશનનું કામ હાલ પુરજોશમાં ચાલી રહ્યું છે. હાલમાં કેવડિયા રેલવે સ્ટેશનનું કામ પૂર્ણ થવાના આરે છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા લોકાર્પણને લઈને તૈયારીઓ ચાલી રહી છે. જેને લઈને ફેબ્રુઆરીના બીજા અઠવાડિયામાં લોકાર્પણ કરવામાં આવે તેવી શક્યતા છે.

**ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોધરા.**
**પ્રભારોડ, ગોધરા, જી.પંચમહાલ**
**ફોન નં.(૦૨૬૭૨) ૨૬૫૮૦૮**
**જાહેર નિવિદા**

ઔદ્યોગીક તાલીમ સંસ્થા ગોધરાના અમલીકરણ હેઠળ ગુજરાત સરકારના વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ન્યુ ગુજરાત પેટર્નના વર્ષ–૨૦૨૦–૨૦૨૧ પંચમહાલ જીલ્લાના ગોધરા, કાલોલ, શહેરા, હાલોલ, ઘોઘંબા, જામ્બુઘોડા અને મોરવા (હડફ) તાલુકામાં મંજુર કરવામાં આવેલ તાલીમ વર્ગો ચલાવવા માટેની સંસ્થા/એજન્સી/ મંડળોની પસંદગી કરવા માટે આવા કામમાં અનુભવી સંસ્થા/એજન્સી/મંડળોને ટેન્ડરો ભરવા માટે આમંત્રિત કરવામાં આવે છે. સદર ટેન્ડરો અને ટેન્ડરોની વિગતો સંસ્થાના કામકાજના નીચે મુજબના દિવસો દરમિયાન રૂબરૂમાં મેળવી શકાશે.

ટેન્ડર ઈસ્યુ કરવાની તારીખ : – ૨૮/૧૨/૨૦૨૦
ટેન્ડર જમા કરવાની તારીખ : – ૧૮/૦૧/૨૦૨૧
ટેન્ડર ખોલવાની તારીખ : – ૨૦/૦૧/૨૦૨૧
(સંસ્થાના કામકાજના સમય દરમિયાન)

કોઈ પણ કારણ જણાવ્યા વગર ટેન્ડર કે ટેન્ડરો રદ કરવાનો કે સ્વીકારવાનો અબાધિત હક્ક સંસ્થાના વડાનો રહેશે.

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોધરા

માહિતી/ગોધરા/૬૪૩/૨૦૨૦

## બરોડા ડેરીની ચૂંટણીના મતદાન દરમ્યાન ભારે પવનના કારણે પડ્યુ બેરીકેટ, જાનહાની નહિ

બરોડા,

વડોદરાની બરોડા ડેરીની ચૂંટણીના મતદાન દરમ્યાન ભારે પવનના કારણે બેરીકેટ પડ્યુ.. જોકે, આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની થઈ નથી. મતદારોની કતાર પાસે સફેદ રંગના બેરીકેટ ઉભા કરવામાં આવ્યા છે. ઘટનાને પગલે ડેરીનો સ્ટાફ અને પોલીસ દોડી આવી હતી. બરોડા ડેરીની ચૂંટણી માટે આજે મતદાનનું આયોજન કરવામાં આવ્યુ છે. બરોડા ડેરીના એસેમ્બલી હોલમાં બેલેટ પેપરથી મતદાન યોજાઈ રહ્યુ છે. ચૂંટણીમાં બે પૂર્વ ધારાસભ્ય દિનેશ પટેલ અને નરેન્દ્ર પટેલ વચ્ચે જંગ છે. મતદાન માટે કોવિડની ગાઈડલાઈન મુજબ તૈયારીઓ કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી અધિકારીના વડપણ હેઠળ મતદાનની તૈયારીઓ કરવામાં આવી.. ૧૩ બેઠકોમાંથી ૬ બેઠકો બિનહરીફ જાહેર થતાં ૭ બેઠકો માટે આજે મતદાન છે. સોશિયલ ડિસ્ટન્ટ સાથે મતદાન થાય તે માટે સર્કલ બનાવવામાં આવ્યા છે. હેન્ડ સેનેટાઈઝરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. બપોરે ૩ વાગ્યે મતદાન પૂર્ણ થશે. અને આવતીકાલે મતગણતરી કરવામાં આવશે.

**Assure Cab**
**Never miss a flight**
BECAUSE WE ASSURE CAB ALWAYS ON TIME.
CALL OR WHATSAPP
7490866866
Travel One Way
Pay One Way
ARE YOU STILL PAYING FOR TWO WAY CHARGES ?
GPS ENABLED ■ DOOR TO DOOR ■ SANITIZED CAR ■ TOLL TAX INCLUDED

| : AIRPORT FARES : | | : GUJARAT TO MAHARASHTRA : | |
|---|---|---|---|
| VADODRA TO AHMEDABAD | : Rs.1399 | RAJKOT TO MUMBAI | : Rs.8499 |
| SURAT TO TO AHMEDABAD | : Rs.3299 | AHMEDABAD TO MUMBAI | : Rs.6499 |
| SURAT TO MUMBAI | : Rs.3299 | VADODRA TO MUMBAI | : Rs.5499 |
| RAJKOT TO AHMEDABAD | : Rs.2299 | SURAT TO MUMBAI | : Rs.3299 |
| BHUJ TO AHMEDABAD | : Rs.3999 | | |

### કૉંગ્રેસના ૧૩૬માં સ્થાપના દિવસ પર બોલ્યા સોનિયા ગાંધી કહ્યું-

## દેશની પરિસ્થિતિ આઝાદી પહેલા જેવી



ન્યુ દિલ્હી,

કૉંગ્રેસ પાર્ટી પોતાનો ૧૩૬મો સ્થાપના દિવસ મનાવી રહી છે. આ અવસર પર કૉંગ્રેસની વચગાળાની અધ્યક્ષ સોનિયા ગાંધીએ દાવો કર્યો છે કે દેશમાં વર્તમાન પરિસ્થિતિઓ આઝાદીના પહેલાની માફક છે અને તાનાશાહી તાકાતોથી દેશને બચાવવા માટે બધાએ એક થવું પડશે. પાર્ટી તરફથી જાહેર એક વિડીયોમાં સોનિયાએ એ પણ કહ્યું કે, કૉંગ્રેસને દરેક મોરચે મજબૂત બનાવવાની જરૂર છે.

સોનિયા ગાંધીએ આઝાદીના આંદોલન અને દેશના વિકાસમાં કૉંગ્રેસના યોગદાનનો ઉલ્લેખ કર્યો અને એ દાવો કર્યો કે, “આજે ફરીથી પરિસ્થિતિઓ આઝાદીની પહેલા જેવી છે. જનતાના અધિકારો છીનવવામાં આવી રહ્યા છે. ચારેય બાજુ તાનાશાહી છે. લોકશાહી અને સંવૈધાનિક સંસ્થાઓને ખત્મ કરવામાં આવી રહી છે. બેરોજગારી ચરમ પર છે. ખેતરો પર હુમલો કરવામાં આવી રહ્યો છે. દેશના અન્નદાતા પર કાળા કાયદા થોપવામાં આવી રહ્યા છે. કૉંગ્રેસના વચગાળાના અધ્યક્ષે કહ્યું કે, “આવામાં આપણી જવાબદારી બને છે કે આપણે એકવાર ફરી દેશને તાનાશાહી તાકાતોથી બચાવીએ અને તેમની સામે ટક્કર લઈએ. આ જ સાચી રાષ્ટ્રભક્તિ છે.

તેમણે કૉંગ્રેસ કાર્યકર્તાઓને આહ્વાન કર્યું, જે તિરંગા નીચે આપણે આઝાદી મેળવી હતી, આજે એજ તિરંગા નીચે આપણે એક થવું પડશે. આ તિરંગો કૉંગ્રેસ અને દેશવાસીઓ માટે જીવવાની હિંમત છે, લોકોની આશાઓનું પ્રતીક છે અને દેશનું ગૌરવ છે. આપણે સામાન્ય જનતાના દિલને જીતવાનું છે. ઉલ્લેખનીય છે કે કૉંગ્રેસ પાર્ટી આજે પોતાનો ૧૩૬મો સ્થાપના દિવસ મનાવી રહી છે. આ અવસર પર કૉંગ્રેસે #SelfieWithTirangaનો એક હેશટેગ પણ ચલાવ્યો છે. કૉંગ્રેસ પાર્ટીના નેતા પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર આ હેશટેગ સાથે પોસ્ટ કરી રહ્યા છે.

### વુહાનમાં કોરોના વાયરસ પર ખુલાસો કરનાર મહિલા પત્રકારના ચીને

## જર્નાલિસ્ટ ઝાંગ ઝાનને ‘ઝઘડો કરવા’ અને ‘સમસ્યાઓને ઉશ્કેરણીજનક’ દોષિત ગણાવી

બેજિંગ,

ચીનના વુહાનમાં કોરોના વાયરસ પર કેટલાંય ખુલાસા કરનાર દેશની સીટીજન જર્નાલિસ્ટ ઝાંગ ઝાનને ‘ઝઘડો કરવા’ અને ‘સમસ્યાઓને ઉશ્કેરણીજનક’ દોષિત ગણાવી છે. પત્રકાર અને વકીલ ઝાંગને ૪ વર્ષની જેલની સજા સંભળાવામાં આવી છે. આની પહેલાં મે મહિનામાં ઝાંગની ધરપકડ કરી લેવામાં આવી હતી અને તે કેટલાંય મહિનાઓ સુધી તેની વિરૂદ્ધ ભૂખ હડતાળ પર રહી હતી. ઝાંગના વકીલોનું કહેવું છે કે તેમના ક્લાયન્ટની તબિયત પણ ખરાબ છે.

ઝાંગ એ સિટિજન જર્નાલિસ્ટમાં સામેલ છે જે વુહાનમાં કોરોના વાયરસનો ખુલાસો કરવા પર સંકટમાં આવી ગયા. ચીનમાં કોઈપણ સ્વતંત્ર મીડિયા નથી અને ચીની અધિકારી એ કાર્યકર્તાઓ પર કાર્યવાહી કરે છે જે કોરોના વાયરસને લઈ ચીન સરકારની નીતિઓ પર પ્રશ્ન ઉઠાવે છે. ઝાંગ સોમવારના રોજ પોતાના વકીલની સાથે શાંઘાઈની કોર્ટમાં પહોંચી. આરોપ અનુસાર ઝાંગ ફેબ્રુઆરી મહિનામાં કોરોનાનો સ્વતંત્ર રિપોર્ટ કરાવા માટે વુહાન પહોંચી હતી. તેમણે કેટલાંય લાઈવ વીડિયો અને રિપોર્ટ વુહાનથી કર્યા જે ફેબ્રુઆરીમાં સોશિયલ મીડિયા પર ખૂબ શેર થયા હતા. આથી ચીની અધિકારીઓની નજર તેમના પર પડી અને તેઓ તેનો શિકાર બન્યા.

ચીનમાં માનવાધિકારો સાથે જોડાયેલ એક એનજીઓનું કહેવું છે કે ઝાંગે પોતાના રિપોર્ટમાં સ્વતંત્ર પત્રકારોની અટકાયતોનો રિપોર્ટ પ્રકાશિત કર્યો હતો. ઝાંગ ૧૪ મેથી વુહાનથી ગુમ હતી. એક દિવસ બાદ એવું જાણવા મળ્યું કે શાંઘાઈમાં પોલીસ દ્વારા ઝાંગની અટકાયતમાં કરવામાં આવી હતી. શાંઘાઈ વુહાનથી ૬૪૦ કિમી દૂર છે. નવેમ્બરમાં તેની વિરૂદ્ધ ઔપચારિક આરોપ મૂકાયો હતો. ઝાંગ પર આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેમને ટેક્સ્ટ, વીડિયો અને અન્ય મીડિયા પ્લેટફોર્મ દ્વારા ખોટી માહિતી ફેલાવી હતી.

## EDનું સમન્સ મળતાં ભડક્યાં શિવસેનાના સંજય રાઉત, ચીન વિવાદ પર આપી સલાહ

મુંબઈ,

પીએમસી બેંકના કૌભાંડના સંદર્ભમાં વર્ષા રાઉતને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનું સમન્સ મળતાં શિવસેનાના સાંસદ સંજય રાઉત ઉશ્કેરાયા હતા અ્ને તાજેતરના ભારત ચીન વિવાદને આગળ કરીને કેન્દ્ર સરકારની આકરી ઝાટકણી કાઢી હતી. રાઉતે કહ્યું કે મોદી સરકારે ચીની સૈનિકોને પાછા ધકેલવાની જરૂર હતી. એને બદલે સરકાર ચીની મૂડી રોકાણકારોને ધકેલી રહી હતી. શિવસેનાના મુખપત્ર સામનામાં સંપાદક હોવાથી રાઉતે અગ્રલેખમાં લખ્યું છે કે આપણે ચીની સૈનિકોને પાછા ધકેલવામાં સફળ રહ્યા નથી. પરંતુ આપણે ચીની ઈન્વેસ્ટર્સને પાછા ધકેલી દીધા હતા.

જો કે જાણકારો માને છે કે રાઉતનો આ અગ્રલેખ સૂચવે છે કે તેમને ભારત ચીન વિવાદ બરાબર સમજાયો નથી. હકીકત એ છે કે ભારતીય લશ્કરના જવાનોએ પૂરેપૂરી બહાદૂરીથી ચીની સૈનિકોને પીછેહટ કરવાની ફરજ પાડી હતી. ચીની લશ્કરના જવાનો ભારતીય લશ્કરના જડબાતોડ જવાબથી ડરી ગયા હતા. બાકી હતું એ કાતિલ શિયાળાએ પૂરું કર્યું હતું. ભારતીય જવાનોની તુલનાએ ચીની સૈનિકો લદ્દાખ વિસ્તારની ઠંડી સહન કરી શક્યા નહોતા અને ઘણા ચીની સૈનિકોને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવા પડ્યા હતા.

ભાજપના નેતાઓએ સંજય રાઉતના આ અર્થઘટનને હાસ્યાસ્પદ ગણાવ્યું હતું. મહારાષ્ટ્ર ભાજપના નેતા કેશવ ઉપાધ્યેએ કહ્યું હતું કે સંજય રાઉત પાસે એકજ મુદ્દો છે અને એ છે કોઈ પણ બહાને મોદી સરકારની ટીકા કરવી. અગાઉ પણ રાઉત આવી બયાનબાજી કરી ચૂક્યા છે. મેં હજુ તેમનો અગ્રલેખ વાંચ્યો નથી પરંતુ હવે લોકો રાઉતના અગ્રલેખની ઠેકડી ઊડાવે છે.

## બોટાદ પોલીસની સેવાને મળ્યું વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન, ૧૮ લાખ લોકોની દિવસ-રાત કરી હતી સેવા

બોટાદ,

કોરોના વૈશ્વિક મહામારી વચ્ચે જાહેર કરાયેલા લોકડાઉનમાં બોટાદ જિલ્લા પોલીસ અને સામાજિક સંસ્થા સેવા યજ્ઞ દ્વારા ૧૮ લાખ લોકોને અલગ અલગ સંસ્થા દ્વારા ૧ બેનર નીચે સેવા કરવામાં આવી હતી. જે કામગીરીની નોંધ "ગોલ્ડન બુક ઓફ વલ્ડ રેકોર્ડ " માં લેવાઈ હતી. ગોલ્ડન બુક ઓફ રેકોર્ડના જ્યુરી મેમ્બરની હાજરીમાં બોટાદમાં એસપી અને અન્ય લોકોને પ્રમાણપત્ર આપી સન્માન કર્યા હતા. કોરોના વૈશ્વિક મહામારીને કારણે સમગ્ર દેશમાં લોકડાઉન કરવાની ફરજ પડી. ત્યારે આ લોકડાઉન દરમિયાન અનેક એવા ગરીબ પરિવારો કે રોજનું કમાઈને રોજનું જમતા હોય છે, તેવા લોકોની પરીસ્થિતિ ખુબજ કફોડી બની હતી. ત્યારે આવા ગરીબ લોકોની વ્હારે બોટાદ બોટાદ જિલ્લા પોલીસ ૪ સામાજિક સંસ્થા સેવાઓ આવેલ હતી. જેમાં ૭૭ જેટલી સંસ્થાઓ દ્વારા એક બેનર નીચે ભેગા થય કામ કરી અને સમગ્ર લોકડાઉન દરમિયાન ગરીબ લોકોને જમવાનું, પાણી, માસ્ક, સેનેટાઇઝર, પશુઓને ઘાસચારો સહિત કામગીરી કરી હતી. જેમાં લોકડાઉન દરમિયાન કુલ ૧૮ લાખ લોકોને અલગ અલગ સંસ્થા દ્વારા ૧ બેનર નીચે સેવા કરવામાં આવી હતી. જેની નોધ ગોલ્ડન બુક ઓફ વલ્ડ રેકોર્ડ" માં લેવાઈ છે. જેનો આજે કાર્યક્રમ બોટાદની જીનીયસ સ્કુલ ખાતે યોજાયો હતો. ૧૮ લાખ લોકોને અલગ અલગ સંસ્થા દ્વારા ૧ બેનર નીચે સેવા કરવામાં આવી હતી. જેની નોંધ ગોલ્ડન બુક ઓફ વલ્ડ રેકોર્ડ " માં લેવાતા આજે ગોલ્ડન બુક ઓફ રેકોર્ડના જ્યુરી મેમ્બર મનીષ બિસ્નોઈ આજે બોટાદ ખાતે આવ્યા હતા અને બોટાદની જીનીયસ સ્કુલ ખાતે સન્માન પત્ર આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બોટાદ એસપી હર્ષદ મહેતા, ગઢડા ગોપીનાથજી મદિરના ચેરમેન હરીજીવન સ્વામી સહિતના લોકો હાજર રહ્યા હતા. જેમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો, જ્યાં તમામ મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ હાજર લોકો દ્વારા લોકડાઉન જે કામગીરી કરવામાં આવી તે અંગેના પ્રતિભાવ લોકો સમક્ષ રજુ કરી હતી.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# કડાણા ડાબા કાંઠા કેનાલનું મોટુ નાળુ ૧૫ દિવસમાં જ ખખડધજ : કેનાલમાંથી છોડાયેલ પાણી રસ્તા પર

લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકા ના છાપોરા ગામે લાખોના ખર્ચે આરએનબી સ્ટેટ ની નિગરાની હેઠળ બનાવેલ કડાણા કાંઠા કેનાલનું મોટું નાળુ ૧૫ દિવસમાં જ ખખડધજ બનતા કેનાલમાં છોડવામાં આવેલ પાણી રસ્તાઓ પર ફરી વળ્યું હતું. ખેતરોની પાણીની જરૂરીયાત હોવા છતાં મળતું નથી.

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક થી કડાણા ગામ સુધી સ્ટેટ આર એન્ડ બી લુણાવાડાની નિગરાની હેઠળ કરોડોના ખર્ચે સ્ટેટ હાઈવે બની રહ્યો છે. ત્યાં લુણાવાડા થી અંદાજીત ૧૫ કિલો મીટર દૂર આવેલ છાપોરા ગામે કડાણા ડાબા કાંઠા કેનાલ સ્ટેટ હાઈવે પર થી પસાર થઈ રહી છે. કેનાલ ત્યાં આર એન્ડ બી સ્ટેટ દ્વારા કેનાલની નીચે થી લઈ બંને સાઈડ મોટું લાખોના ખર્ચે નાળુ બનાવવામાં આવ્યું હતું પરંતુ આ નાળાને બન્યા ૧૫ જ દિવસ થયા છે. ત્યાં નાળા પર બનાવેલી આર.સી.સી મોટી દીવાલોમાં તિરાડો પડી ગઈ છે. હલકી ગુણવત્તાનો માલ વાપરી આખાય નાળાનું ટેન્ડરીંગ કામમાં જૂનું નાળુ રહેવા દઈ કેનાલની આજુબાજુમાં મોટી ખાઈકી કરી માત્ર દીવાલો બનાવી અધિકારી અને કોન્ટ્રાકટરો એ મિલી ભગત કરી સરકારના નાણાં ચાઉં કરી ગયા હોવાનું સ્થાનિકો સહિત કેનાલના અધિકારીઓ જણાવી રહ્યા છે. હાલમાં શિયાળું પાક ને લઈ કડાણા ડાબા કાંઠાના અધિકારીઓ દ્વારા ખેડૂતોનો પાક સુકાતો હોવાથી કેનાલમાં માત્ર ૫૦ ક્યુસેક પાણી છોડવામાં આવતા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની પોલ ખુલ્લી પડી ગઈ આર.સી.સી મોટી બનાવેલી ડીપ કેનાલમાં આર.સી.સીમાં મોટી મોટી તિરાડો પડી જવા પામ્યું એટલી હલકી ગુણવત્તાનો માલ વાપર્યો હોવાથી આર એ એ દીવાલ ધોવાઈ હોવાનો સ્થાનિકો કહી રહ્યા છે. કેનાલમાં પહેલી વાર પાણી છોડતાની સાથે જ પાણી કેનાલની દીવાલોમાં મોટા ખાડા પડી ગયા અને આર.સી.સી ધોવાઈ ગયું પરિસ્થિતિ જોતા મોટો ભ્રષ્ટ્યાર થયા હોવાનું બહાર આવી રહ્યું છે. ત્યાં બીજી તરફ પાણી વગર ખેડૂતોનો શિયાળુ પાક સુકાઈ રહયો છે. ત્યાં અધિકારી અને કોન્ટ્રાકટરોની મિલીભગતના કારણે ખેડૂતોને સોસાવવાનો વારો આવ્યો છે. ત્યારે આર એન્ડ બી એ બનાવેલું કેનાલ સાઈફન હાલ સ્થિતિ જોતા ખખડધજ જોવા મળી રહ્યું છે અને આર એન્ડ બી સ્ટેટ દ્વારા હાથ ઊંચા કરી દેતા હાલ ખેડૂતોને પાણીની જરૂરિયાતને લઈ તાત્કાલિક ધોરણે કડાણા સિંચાઈ વિભાગ દ્વારા તિરાડ પડેલી ત્યાં માટી નાખીને કેનાલની અંદર રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.




ખખડધજ બનેલ રસ્તામાં છોડાયું પાણી

## ૫૦ ક્યૂસેક પાણી છતાં ઘટ જથ્થો

હાલમા શિયાળું પાક ઉત્પાદન કરવા માટે કડાણા ડાબા કાંઠા તરફથી માત્ર ૫૦ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. અને પાકની જરૂરીયાત સામે જથ્થો ઓછો હોવાથી પાકની ગુણવત્તા ઓછું મળી રહ્યું છે. આવા પાણી કેનાલમાં મોટમોટા ગાબડાં પડીને આર.સી.સી. ધોવાણ થઈ રહ્યું છે. જેમાં ભ્રષ્ટાચારને બૂમ ઉઠી છે.

## પૈસા ચાંઉ કરવાના આક્ષેપ ઉઠયા

છેલ્લા ૧૫ દિવસ થી નાળા બનાવવાની કામગીરી કરાઈ રહી હતી. આ કેનાલની આસપાસના જમીન ગુણવતા નહીં હોવાના આક્ષેપ કરી રહયા છે. પૈસા ચાંઉ કરી રહ્યા હોવાના આક્ષેપ ઉઠયા છે. આ સંદર્ભે તપાસની માંગ કરી રહ્યા છે.

# બાલાશીનોરના કાલુપુર વિસ્તારમાં રોડ પર કાદવ કીચડ થી લોકો ત્રાહિમામ



બાલાશીનોર, મહિસાગર જીલ્લાના બાલાશીનોર તાલુકાના કાલુપુર વિસ્તારની સમસ્યા જેમાં પ્રાથમિક સુવિધા રસ્તા, પાણી અને વિજળી નહી મળતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે.

કાલુપુર વિસ્તારના લોકો અનેક સમસ્યાથી ભયભીત છે. આટલી સમસ્યા હોવા છતાં તંત્રનું પેટનું પાણી હાલતું નથી. કાલુપુર વિસ્તારના રસ્તા ખરાબ હોવાના કારણે લોકોને અવારનવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે.

ખાડાઓમાં ગંદકી કે ગંદકીમાં ખાડા તે સમજાતું નથી. તેને લઈને ઈમરજન્સી વ્હિકલ પણ આવી શકતા નથી. ફાયર બ્રિગેડ અને ૧૦૮ જેવા વાહનોને પણ આવવામાં હાલાકી ભોગવી પડી રહી છે.

આ મહત્વના રસ્તાઓ પર ગંદકીના ઢગે ઢગ રચાઈ રહ્યા હોવાથી વિદ્યાર્થી તથા આરોગ્ય કર્મચારીઓને પસાર થવામાં હાલાકી પહોંચી રહી છે. અને આ કાદવ કિચડને કારણે આરોગ્ય પણ જોખમમાં મુકાઈ રહ્યું છે.

## કાલુપુર વિસ્તારની સમસ્યા તંત્ર જાણશે ?

શું તંત્ર આ વિસ્તારની મુલાકાત લઈ તપાસ કરશે. કાલુપુર વિસ્તારમાં રોડ પર જોવા મળતા કાદવ-કીચડ થી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. ત્યારે તંત્રને આ વિસ્તારના લોકોની સમસ્યા દેખારે ખરી....?

## બિમાર વ્યક્તિને પહોંચાડવા ૧૦૮ સુવિધા ટુંકી પડે છે

વ્યક્તિને હોસ્પિટલ બહાર વધુ સારવાર અર્થે તાત્કાલીક ખસેડવાની સુવિધા આપવા માટે જરૂરી કામગીરી કરવા છતાં આ દર્દીઓને કોઈપણ રીતે આરોગ્ય સુવિધા મળતી નથી. આવા સમયે તપાસ કરીને પુરતી આરોગ્ય સુવિધા પુરી પાડવી જરૂરી છે.

## સંતરામપુર પોલીસ દ્વારા માસ્ક વગર ફરતા લોકો પાસેથી દંડ વસુલવામાં આવ્યો

સંતરામપુર, સંતરામપુર નગરમાં પોલીસ તંત્ર દ્વારા સઘન પેટ્રોલિંગ કરાયું. માસ્ક વગર જોવાતા નગરના કેટલાક વેપારીઓએ વ્યકિતઓને દંડ વસુલ કરવામાં આવેલ હતો. સંતરામપુર નગરમાં પોલીસ વિભાગ દ્વારા કોરોનાની સંખ્યાનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે સંતરામપુરના પી.આઈ. એ.ટી.પટેલ અને પોલીસ સ્ટાફ દ્વારા આજે સંતરામપુરના દરેક વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ કરવામાં આવેલ હતું. માસ્ક વિના જોવાતા કેટલાક વેપારીઓ અને અને વ્યક્તિઓની દંડ વસુલ કરવામાં આવેલું હતું અને સરકારની ગાઈડ લાઈન મુજબ માર્ગદર્શન અને સુચના આપવામાં આવી હતી.

# મહીસાગરમાં આજે ૦૭ કોરોના પોઝિટિવ કેસ : કુલ ૧૯૩૨ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષો, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૮–૧૨–૨૦૨૦ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૧૯૩૨ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લા માં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૩૩ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૦૫૬૪૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૩૧૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૧ દર્દી ડીસ્ટ્રીણકટ હોસ્પિ ટલ, લુણાવાડા, ૩૫ દર્દી હોમ આઈસોલેશન, ૦૦ દર્દી લુણાવાડા (CCC), ૦૨ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૯ દર્દીઓ સ્ટેબલ, ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

## સંતરામપુરના ગામોમાં નવિન રસ્તા, આંગણવાડી, પુલના નિમાર્ણ માટે ૩૭ કરોડના કામોનું ખાતમૂર્હત



સંતરામપુર, સંતરામપુર તાલુકાના અંતરિયાળ અને રાજસ્થાન બોર્ડર સહિત ફતેપુરા તાલુકા માનગઢ ધામ ને જોડતા નવિન રસ્તાઓના નિમાર્ણ માટે સાસંદ જસંવતસિંહ ભાભોર ના હસ્તે ૧૧ કરોડના લોકોર્પણના કામો તેમજ ૨૬ કરોડના કામો માટે ખાતમૂર્હત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંતરામપુરના ધારાસભ્ય કુંબેર ડીડોર, જીલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ જય પ્રકાશભાઈ પટેલ હાજર રહ્યા હતા. દાહોદ સાસંદ દ્વારા માનગઢ થી ભમરીકુંડા, ભમરી પંચાયતઘર, ખેડાપા ડુંગર, સીમલીયા, બટકવાડા, દલીયાટી, સરાડના ગામોમાં નવિન રસ્તા આંગણવાડી માટે ખાતમૂર્હત કરાયું હતું. સાસંદે ૩૭ કરોડના કામો માટે ભૂમિપૂજન કર્યુ હતું. સાથે સરકારની વિવિધ યોજનાઓ અને ખેડૂત કાયદાના લાભો લોકો સમક્ષ રજુ કરાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૯-૧૨-૨૦૨૦, મંગળવાર, માગશર સુદ-૧૪, સૂર્યોદય-૭-૨૬, સૂર્યાસ્ત-૬-૦૯, જૈન નવકારશી-૮-૧૩, આજની રાશિ: વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્ર: મૃગશીર્ષ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>અભિજીત ૧૨-૨૮ થી ૧૩-૧૧ સુધી ૧૦-૦૮ થી ચલ-લાભ-અમૃત-૧૪-૧૦, સુધી ૧૫-૩૦ થી શુભ-૧૬-૫૧, ૧૯-૫૧ થી લાભ-૨૧-૩૦ સુધી, ૨૩-૧૦ થી શુભ ૨૪-૪૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૯-૧૪ થી ૧૧-૫૫ સુધી, ૧૨-૪૯ થી ૧૩-૪૩ સુધી, ૧૫-૩૦ થી ૧૮-૧૧ સુધી, ૧૯-૧૮ થી ૨૦-૨૪ સુધી |

# મહીસાગર લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા મહિસાગર જિલ્લામાં કોવિડ-૧૯ જનજાગૃતિ અભિયાન

લુણાવાડા, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર દ્વારા સંચાલિત મહીસાગર લોકવિજ્ઞાન કેન્દ્ર લુણાવાડાના મહીસાગર લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન અનિલભાઈ પંડ્યા અને કો–ઓર્ડીનેટર રાહુલ પંડ્યાએ વર્તમાન પરિસ્થિતિમાં કોવિડ –૧૯ ની મહામારી ચાલી રહી છે અને એ માટે તમામ લોકોમાં જાગૃતિ આવે તેવા સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ રોગથી બચવા માટે કયા પ્રકારની તકેદારી રાખવી એ માટે ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ ગાંધીનગર દ્વારા વીડિયો તથા પ્રદર્શનની શ્રેણી તૈયાર કરવામાં આવી છે. જે જિલ્લાના તમામ ગામડાઓ સુધી પહોંચે એ માટે મહીસાગર લોક વિજ્ઞાન કેન્દ્ર લુણાવાડા સતત કાર્ય કરી રહ્યું છે. આ કાર્યક્રમમાં માસ્ક કેવી રીતે પહેરવું, કોરોના અંગે પ્રશ્નોત્તરી વગેરે જણાવવામાં આવ્યું છે. મહીસાગર લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા છેલ્લા ઓકટોબર માસથી આ કાર્યક્રમ કાર્યરત છે. લુણાવાડા જિલ્લાના આદિવાસી વિસ્તાર તેમજ શહેરી વિસ્તારમાં આ કાર્યક્રમ કાર્યરત છે. તેમજ જિલ્લામાં ભરાતા અઠવાડિક હાટમાં પણ પ્રદર્શન લગાડવામાં આવે છે. મહિસાગર જિલ્લાના અંતરિયાળ ગામોમાં જેવા કે અંજાણવા, રેલ, ઉબેર ટેકરા, સરસવા, સાઠા, ચોપડા, ઉખરેલી, ખાનપુર તેમજ ઉડારા જેવા ગામોમાં પોસ્ટર લગાવીને તથા મોબાઈલ વાન દ્વારા જાગૃતિ કાર્યક્રમ તથા પ્રદર્શન જનજાગૃતિ કાર્યક્રમ દ્વારા ગામડાઓમાં કોવિડ–૧૯ વિશે જાગૃતતા કાર્યક્રમ કરવામાં આવી છે. જેમાં મોબાઈલ વાન દ્વારા ઓડિયો વિડિયોના માદ્યમથી તથા કોવિડ–૧૯ જાગૃતતા પ્રદર્શન દ્વારા ગામડાઓમાં લોકોને વિશેષ માહિતી અને સૂચનાઓ દ્વારા માહિતગાર તથા જાગૃત કરવામાં આવ્યા હતા.

# સંતરામપુર ખાતે યુવક સહકારી શિક્ષણ વર્ગનું ઓનલાઈન ઉદ્દઘાટન કરાયું




સંતરામપુર, યુવક સહકારી શિક્ષણ વર્ગ આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર રાષ્ટ્રીય સેવા યોજના (NSS) યુનિટ અને ગુજરાત રાજય સહકારી સંઘ અમદાવાદ તથા મહીસાગર જીલ્લા સહકારી સંઘ લુણાવાડાના સંયુકત ઉપક્રમે ''યુવક સહકારી શિક્ષણ વર્ગ''નું આજ રોજ તારીખ ૨૮/૧૨/૨૦૨૧ના રોજ ઓનલાઈન ઉદ્દઘાટન કરવામાં આવ્યું. ઉદ્દઘાટક તરીકે આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ટ્રસ્ટી વનરાજભાઈ ડામોરે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યુ હતું. કોલેજના પ્રિન્સિપાલ ડો. અભય પરમારે સહકારી શિક્ષણ વર્ગ સંદર્ભે પ્રેરણાદાઈ વાતો કહી હતી. વિષય નિષ્ણાંત તરીકે કોં.ઓપરેટીવ એજ્યુકેશન ઈન્સ્ટ્રકટર મોતીભાઈ .એસ.પગીએ વિદ્યાર્થીઓને યુવક સહકારી શિક્ષણ વર્ગના હેતુઓ, મહત્વ અને ઉપયોગીતા વિશે જ્ઞાન સભર માહીતી આપી હતી. આગામી પાંચ દિવસ સુધી ઓનલાઈન પ્લેટફોર્મ ગૂગલ મીટ પર આ વેબીનાર ચાલશે. NSS સહીત કોલેજ ના કુલ ૪૫ વિદ્યાર્થીઓ આ વેબીનારમાં સહકારી શિક્ષણની તાલીમ પ્રાપ્ત કરશે. નિયમિત હાજર રહીં તાલીમ મેળવનાર વિદ્યાર્થીઓને ગુજરાત રાજય સહકારી સંઘ અમદાવાદ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે. આ તાલીમ વિદ્યાર્થીઓને સ્વનિર્ભર બનવા માટેની તક પુરી પાડશે. તથા સહકારી ક્ષેત્ર કેવી રીતે કામ કરે છે. વિવિધ સહકારી સંસ્થાઓ કે સહકારી મંડળીઓ કેવી રીતે ઊભી કરવી, એનું સંચાલન કેવી રીતે કરવું વગેરે ને લાગતી પાયાની જાણકારી આપવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન NSS પોગ્રામ ઓફિસર પ્રો. એ.જી.ઠાકોરે કર્યું હતું. ટેક્નિકલ સહાયક તરીકે ગીરીશભાઈ ઠાકોરે સેવા આપી હતી.

## પંચમહાલમાં આજે ૧૩ કોરોના પોઝીટીવ કેસ : કુલ આંક ૩૭૪૭ થયો

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૩ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૩ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૭૪૭ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૩ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા–૧૦, કાલોલ–૦૧, શહેરા–૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૧૭ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૬૧.
- મૃત્યુ આંક - ૧૩૨.

## દૈનિક રાશીફળ

તા.૨૯.૧૨.૨૦૨૦ મંગળવાર

મેષ(અ,લ,ઈ): આજે તમને કોઇ કાર્યમાં સફળતા અવશ્ય મળશે. પરંતુ આ સમય ભાવુકતાની જગ્યાએ વ્યવહારિક વિચાર રાખવાનો છે.

વૃષભ(બ,વ,ઉ): મીડિયા તથા સંપર્ક સૂત્રો દ્વારા થોડી એવી જાણકારી મળી શકે છે, જેનાતી તમારા કામ સરળ થઈ જશે.

મિથુન(ક.છ.ઘ): ભવિષ્યને લગતી કોઇ યોજનાને ગંભીરતાથી અંતિમ સ્વરૂપ આપવામાં સફળ રહેશો. લાંબા સમયગાળાથી ચાલી રહેલી કોઇ ચિંતા અને તણાવથી પણ રાહત મળશે.

કર્ક(ડ,હ): સમય અનુકૂળ છે. તમારી કોઈ વિશેષ પ્રતિભાને ઉજાગર કરવાનો યોગ્ય સમય છે. કોઈ ખાસ મિત્ર દ્વારા તમને યોગ્ય સહયોગ મળશે, જે તમારી ભવિષ્યને લગતી યોજનાઓને સફળ કરવામાં મદદગાર રહેશે.

સિંહ(મ,ટ): પારિવારિક સુખ-સુવિધાઓ ઉપર ખર્ચ થશે. બધાના સુખ સામે આ ખર્ચાઓ કઈ માન્ય રાખતા નથી. કોઈ મહત્ત્વપૂર્ણ વ્યક્તિ સાથે મુલાકાત ફાયદાકારક સાબિત થઈ શકે છે.

કન્યા(પ,ઠ,ણ): બાળકોના અભ્યાસ અને કરિયરને લગતી સમસ્યાઓનું કોઈ મોટું સમાધાન મળવાથી સુકૂન અને રાહત મળી શકે છે.

તુલા(ર.ત.): પારિવારિક લોકો સાથે કોઈ ધાર્મિક સ્થળે જવાનો પ્રોગ્રામ બનશે. પ્રોફેશનલ સ્ટડી માટે કોશિશ કરી રહેલાં વિદ્યાર્થીઓને સફળતા મળશે.

વૃશ્ચિક(ન.ય.): લાંબા સમયથી ચાલી રહેલી ચિંતા અને તણાવથી આજે રાહત મળશે. તમારા વ્યક્તિગત કાર્યો ઉપર વધારે ધ્યાન આપો.

ધન(ભ,ધ,ફ,ઢ): ધાર્મિક અને અધ્યાત્મિક ગતિવિધિઓમાં વિશેષ રસ વધશે. આજે તમે તમારા અટવાયેલાં કામને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં પણ સફળ રહેશો.

મકર(ખ.જ.): જો વાહન ખરીદવાની યોજના બની રહી છે તો આજે થોડા દિવસો માટે ટાળી દો. પરિવારમાં થોડા સમયથી ચાલી રહેલી અવ્યવસ્થાને દૂર કરવા માટે આજે થોડા મહત્ત્વપૂર્ણ નિયમ બનાવશો અને સફળ પણ થશો.

કુંભ(ગ,સ,શ,ષ): તમે સારી રીતે તમારા કાર્યોને અંજામ આપી શકશો. તમારી ગુપ્ત પ્રતિભાઓને સમજો અને તેને યોગ્ય દિશામાં લગાવો.

મીન(દ,ચ,ઝ,થ): આજનો દિવસ પરિવાર સાથે હર્ષોલ્લાસમાં પસાર થશે. તમે આકરી મહેનત અને પરિશ્રમથી તે બધું જ પ્રાપ્ત કરી શકો છો જેની તમને ઈચ્છા છે.

# ઝાલોદ હિરેન પટેલના હત્યાના ગુનાનો વોન્ટેડ આરોપી ઈમરાન મુડાલાને હરીયાણાથી ATS એ ઝડપ્યો



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરનો બનાવ એવો ઝાલોદના હિરેન પટેલ મર્ડર કેસમાં ગુજરાતે એટીએસ ને મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. ગતરોજ એટીએસની ટીમે આ ગુનામાં સંડોવાયેલ અને છેલ્લા ઘણા મહિનાઓથી ફરાર વોન્ટેડ ઈમરાન ઉર્ફે ઈમુ ગુડાલા ને હરિયાણાથી ઝડપી પાડયા બાદ તેની સઘન પૂછપરછ હાથ ધરતા મોટો ખુલાસો થયો છે ઝાલોદના એમ.એલ.એ ભાવેશ કટારાના ભાઈ અમિત કટારા એ કાઉન્સિલર હિરેન પટેલના મોતનું કાવતરૂ રચ્યું હોવાનું આ સમગ્ર પ્રકરણ બહાર આવતાં એટીએસની ટીમે અમિત કટારિયાના ધરપકડના ચક્રો પણ ગતિમાન કર્યા છે. ત્યારે આ સમગ્ર હત્યાકાંડમાં અન્ય રાજકીય આગેવાનોની પણ સંડોવણી હોવાનું હાલ ભારે ચર્ચાઈ રહ્યું છે અને તે દિશામાં પણ એટીએસની ટીમ દ્વારા તપાસનો ધમધમાટ પ્રારંભ કરી દેવામાં આવ્યો છે.

દાહોદ જિલ્લાનો બહુચર્ચિત હત્યાકાંડ કેશ એટલે ઝાલોદના કાઉન્સિલર હિરેન પટેલ ને કેટલાક મહિનાઓ અગાઉ બોલેરો ડાલા ગાડીને અડફેટે મોતને ઘાટ ઉતાર્યા બાદ સમગ્ર દાહોદ જિલ્લા સહિત જામનગરમાં હિરેન પટેલ ના સમર્થકો દ્વારા હિરેન પટેલ ની રાજકીય દાવ તે મોતને ઘાટ ઉતારાયો હોવાની રજૂઆતો તેમજ તપાસની ન્યાયની માંગણીઓ સાથે ઉચ્ચ સ્તરીય રજૂઆતો કરી હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ દાહોદ એસ.પી સહિત પંચમહાલ તેમજ વડોદરા ની ટીમ આ હત્યાકાંડ પરથી ભેદ ઉકેલવા છગન તપાસનો ધમધમાટ આરંભ કરી ચૂકી હતી અને ત્યારબાદ કેટલાક માથાઓની સંડોવણી બહાર આવતા દાહોદ જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો અને બહાર આવ્યું હતું કે હિરેન પટેલ ને મોતને ઘાટ ઉતારવા માટે સોપારી આપવામાં આવી હતી આ બાદ પોલીસે દાહોદ જિલ્લામાંથી તેમજ મધ્ય પ્રદેશમાંથી આરોપી ચહેરાઓની અટક પણ કરી હતી. અત્યારે હાલ છેલ્લા ચાર-પાંચ દિવસ અગાઉ ગુજરાત રાજ્યના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા દાહોદ જિલ્લાની મુલાકાતે આવ્યા હતા અને તે સમયે આહિર પટેલના પરિવારજનોને પણ મુલાકાત લીધી હતી અને પરિવારજનોને સાંત્વના પાઠવી હતી અને જણાવ્યું હતું કે, આ હત્યાકાંડમાં સામેલ કોઈપણ ચહેરાઓને બક્ષવામાં નહીં આવે અને તેઓની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે કેમ જણાવ્યું હતું ત્યારે બીજી તરફ છેલ્લા બે દિવસના સમયગાળા દરમિયાન દાહોદ જિલ્લામાં એટીએસની ટીમે ધામા નાખ્યા હતા અને હિરેન પટેલ હત્યાકાંડમાં તપાસનો ધમધમાટ આરંભ કરતા આ કેસમાં સંડોવાયેલ ઝાલોદનો ઈમરાન ગુડાલા ઉર્ફે ઈમુ ની હરિયાણાથી ગુજરાત એટીએસની ટીમે ધરપકડ કરી છે અને જાણવા મળ્યા અનુસાર ઝાલોદના એમ.એલ.એ ભાવેશ કટારા ના ભાઈ અમિત કટારા એ આ હત્યાનું કાવતરૂ રચ્યું હોવાનું સામે આવ્યું છે. આ સમાચાર વાયુવેગે દાહોદ જિલ્લા સહિત ઉચ્ચ સ્તરીય રાજકારણમાં ફેલાતાં એક પ્રકારનો ખળભળાટ સહિત ચકચાર મચી જવા પામ્યો છે. ત્યારે આ સમગ્ર હત્યાકાંડ રાજકીય અદાવત એ જ કરાઇ હોવાનો માલુમ પડયું છે અને આવનાર દિવસોમાં અન્ય મોટા માથાઓ પણ આ હત્યાકાંડમાં બહાર આવે તેવી સંભાવનાઓ પણ વ્યક્ત કરાઈ રહી છે.

## રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે ઝાલોદમાં બેઠક કર્યા બાદ ગૃહરાજ્ય મંત્રીનું નિવેદન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ઝાલોદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સ્વ. હિરેન પટેલની હત્યા કેસમાં ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું કે, આ કેસમાં જે કોઇ પણ સંડાવાયેલા હશે, તેને છોડવામાં નહી આવે.

દાહોદ જિલ્લામાં પોતાના પ્રવાસના બીજા દિવસે ઝાલોદ ખાતે સ્વ.પટેલના પરિવારજનોને ફરી મળ્યા હતા. જાડેજાની ગત્ત સપ્તાહની મુલાકાત બાદ સ્વ. હિરેશ પટેલના પત્ની બિનાબેનનું પણ અવસાન થયું હતું. તેના પગલે જાડેજાએ આજે ફરી પટેલ પરિવારની મુલાકાત કરી શોક સંતૃપ્ત પરિવારજનોને દિલસોજી પાઠવી હતી.

તે બાદ ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ પ્રાંત અધિકારીની કચેરીમાં અમદાવાદ ક્રાઇમ બ્રાંચના સંયુક્ત કમિશનર અમિત વિશ્વકર્મા, એટીએસના હિમાંશુ શુક્લા, નાયબ પોલીસ મહા નિરીક્ષક એમ. એસ. ભરાડા, પોલીસ અધીક્ષક હિતેશ જોયસર સહિતના અધિકારીઓ સાથે આ કેસ સંદર્ભે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

બેઠક બાદ એક નિવેદનમાં જાડેજાએ જણાવ્યું કે, સ્વ. હિરેન પટેલની હત્યાની ઘટનાના મૂળ સુધી જઈ, જેમાં હત્યાના સંભવિત કારણો, કોની સૂચનાથી હત્યા થઇ હોઇ શકે જેવા પાસાઓ ધ્યાને રાખી જેમણે પણ હત્યા કરી હોય કે કરાવડાવી હોય, તમામને સજાની પ્રક્રીયા હેઠળ લાવવામાં આવશે. પોલીસ દ્વારા આ કેસમાં તમામ પ્રકારના સાધનિક દ્રષ્ટિકોણથી તપાસ કરવામાં આવી રહી છે.

અત્રે યાદ અપાવવાનું જરૂરી છે કે, આ કેસમાં પોલીસ તંત્ર દ્વારા પહેલેથી જ સઘન તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં પોલીસ દ્વારા ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને બાકીના આરોપીની શોધખોળ ચાલી રહી છે. તેની સાથે પકડાયેલા આરોપી વિરૂદ્ધ ટેકનિકલ એવિડન્સ એકત્ર કરવામાં આવી રહ્યા છે.

# દાહોદ પાલિકાની ટર્મ પુરી થતાં વહીવટદાર તરીકે ચીફ ઓફિસરની નિમણૂંક

દાહોદ,

દાહોદ નગરપાલિકાની ટર્મ પૂર્ણ થઈ ગઈ છે. અને આગામી ટર્મ સુધી ચીફ ઓફિસરની વહીવટદાર તરીકે નિમુણક કરવામાં આવી છે. તેમજ આગામી ચૂંટણીને ધ્યાને લઇ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીની તૈયારીઓમાં જોતારાયેલા જોવા મળી રહ્યા છે. અને કેન્દ્રની મહત્વકાંશી સ્માર્ટસીટીની વિવિધ યોજના અંતર્ગત વિવિધ વિકાસ કાર્યો હાલ પ્રગતિ પર છે. પરંતુ આ બધા માહોલની વચ્ચે દાહોદ નગરને હરિયાળુ બનાવવા માટે દાહોદ શહેર સહીત આસપાસના વિસ્તારોમાં કરવામાં આવેલા વિવિધ પ્લાન્ટેશનમાં લાખો રૂપિયા ખવાઈ ગયા હોવાની ચર્ચાઓ થી હાલ પાલિકા સહીત સુધરાઈ સભ્યોમાં ખળભળાટની મચી જવા પામ્યો છે. ત્યારે દાહોદ નગરપાલિકામાં ચીફ ઓફિસરે ટૂંકાગાળામાં કરેલા વધુ એક કૌભાંડની ચર્ચાઓની સાથે છૂપો ગણગણાટ જોવા મળી રહ્યો છે.દાહોદ નગરપાલિકાના તત્કાલીન ચીફ ઓફિસર દ્વારા તેમના મળતીયાઓને કરોડો રૂપિયાની એક શાખાની ગ્રાન્ટ બીજી શાખામાં લઈ બારોબાર પધારાવી દીધા બાદ, ઈન્દોર અમદાવાદ રોડ પર આવેલા ડમ્પીંગ યાર્ડના બાંધકામમાં પણ ટેન્ડરિંગ પ્રક્રિયા કર્યા વગર પોતાના મળતીયાઓને દ્વારા ડમ્પીંગ યાર્ડ બનાવી લખલુંટ પૈસા બનાવ્યા હોવાની ચર્ચાઓ હાલ પાલિકા સહીત નગરજનોમાં ચર્ચાઈ રહી હતી.ત્યારે વધુ ચીફ ઓફિસરે સરકારી ધારાધોરણોને નેવે મૂકી પોતાના મળતીયાઓને જોડે ભેગા મળી શહેરમાં વિવિધ પ્લાન્ટેશનમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતીઓ આચરી વિવિધ પ્લાન્ટેશનમાં લાખો રૂપિયાનુ ચૂનો ચોપડયો હોવાની વાતો ઉઠવા પામી છે. ત્યારે પાલિકામાં કૌભાંડોને લઈ અંદરો અંદર કંઈક રંધાઈ રહ્યું છે.ત્યારે આ મામલે રાજ્ય સરકાર તેમજ ગુજરાત મ્યુન્સિપલ બોર્ડ દ્વારા આ કૌભાંડોની તલસ્પર્શી તપાસ હાથ ધરવામાં આવે તો મસમોટુ ભોપાળું બહાર આવવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

વધુમાં મળતી માહિતી અનુસાર દાહોદ શહેરને હરિયાળુ બનાવવા માટે કરેલા પ્લાન્ટેશનમાં ઓફલાઈન કે ઓનલાઇન ટેન્ડરિંગ પ્રકિયામાં કોઈ સ્પષ્ટિકરણ જોવા મળતું નથી, નગરમાં કરવામાં આવેલા વિવિધ પ્લાન્ટેશનના ભાવોમાં, મેન્ટેનેસની શરતોની ચકાસણી કર્યા વગર પ્રમાણ પત્ર આપી દીધા હોવાનું જાણવા મળેલ છે. તેમજ આ બધા કામોના ચુકવણામાં પણ ગેરરીતી આચરાઈ હોવાની લાગી રહ્યું છે. ત્યારે દાહોદ શહેરને હરીયાળુ તેમજ સુંદર બનાવવા માટે વિવિધ પ્લાન્ટેશનમાં થયેલા કામોની વિસ્તૃત જાણકારી માટે કેટલાક લોકોની રજૂઆત બાદ કંઈક રંધાયું હોવાની સંભાવનાઓની વચ્ચે હાલ નગરમાં તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ત્યારે આ મામલે ઉપલા લેવલેથી આવનારા સમયમાં કેવા પ્રકારના પડઘા પડે છે તે જોવું રહ્યું.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૭ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૭ કોરોના દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૫૯૮ને પાર થઈ ચુક્યો છે. આજે વધુ એક દર્દી કોરોનાથી મૃત્યુ પામ્યો હોવાના પણ સમાચાર મળ્યા છે.

આર.ટી.પી.સી.આર.ના ૨૩૬ પૈકી ૦૪ અને રેપીટ ટેસ્ટના ૫૬૭ પૈકી ૦૩ મળી આજે વધુ ૦૭ કોરોના કેસો દાહોદ જિલ્લામાંથી સામે આવ્યા છે. આ ૦૭ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૬ અને લીમખેડામાંથી ૦૧ કેસોનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૮ દર્દીઓને એક સાથે હોસ્પિટલમાંથી રજા આપતાં હવે એક્ટીવ કેસોની સંખ્યા ૧૩૨ રહેવા પામી છે ત્યારે આજે વધુ એક દર્દીએ કોરોનાથી પોતાનો જીવ ગુમાવતાં જિલ્લામાં મૃતકોની કુલ સંખ્યા ૯૧ ને પાર કરી થઈ ચુકી છે.

# દાહોદ ૨૬ મી જાન્યુઆરી-પ્રજાસત્તાક દિવસ વિષયપર ચિત્રસ્પર્ધા

દાહોદ,

મુખ્યમંત્રી દ્વારા તા. ૦૧/૧૦/૨૦૨૦ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરિક સશકત બનાવવાના હેતુથીવર્તમાન મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી મોબાઈલ ટુ સ્પોર્ટ્સના અભિયાનની નવતર પહેલ કરી છે. હાલના કોરોનાની મહામારીના વિષમ સંજોગોમા ફેસબૂક, વ્હોટસ એપ, ઇંન્સટાગ્રામ તથા વિડીયો ગેઈમ્સ જેવી પ્રવુતિઓમા અત્યંત કિમતી સમય વેડફતા યુવાધનની હકારાત્મક રીતે ક્રિયાશીલ કરવા રમતગમતની પ્રવૃતિઓ તરફ આકર્ષિત કરવા એ સમયની તાતી જરૂરિયાત છે. યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારએ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન મોબાઈલ ટૂ સ્પોર્ટસની નવી યોજના મંજુર કરેલ છે. આ યોજનાને મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ ફેસબુક પેજ, યુ-ટ્યુબ ચેનલ, રેડિયો કવીઝ, ચિત્રસ્પર્ધા, ટેલીવિઝન તેમજ સોશિયલ મીડીયા સંબધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો ઓડીયો/વિડીયો કલીપ રજૂ કરી યુવાનોને રમતગમતની પ્રવૃતિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામા આવશે.

આ હેતુને સુચારૂ પાર પાડવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા દાહોદ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા સંયુક્ત રીતે ૨૬ મી જાન્યુઆરી-પ્રજાસત્તાક દિવસ કાર્યક્રમ અંતર્ગત એક ચિત્રસ્પર્ધાનું આયોજન કરેલ છે. જેમા ૮ થી ૧૩ (જન્મ તા. ૩૧/૧૨/૨૦૨૦ને ગણવાની રહેશે) વર્ષના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધકે અ-૪ સાઈઝના ડ્રોઈંગ પેપર ૨૬ મી જાન્યુઆરી-પ્રજાસત્તાક દિવસ વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી અને કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનુ નામ, સરનામુ, મોબાઈલ નંબર,શાળાનું નામ વગેરેનો ઉલેખ કરી સાથે ઉમરના પુરાવા તરીકે આધારકાર્ડ ની ઝેરોક્ષ તથા પોતાના બેંક એકાઉંટ ના પ્રથમ પાનાની ઝેરોક્ષ અચુક જોડીને તા. ૧૫/૦૧/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધી દાહોદ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જીલ્લા સરવે ભવન, પ્રથમ માળ, કોંન્ફરંસ હોલ, ઝાલોદ રોડ, છાપરી, તા-જી- દાહોદ ખાતે મોકલવાનુ રહેશે.

રાજયકક્ષાની ચિત્રસ્પર્ધામાથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ. ૨૫૦૦૦/ દ્વિતીય વિજેતાને રૂ. ૧૫૦૦૦/ ત્રુતિય વિજેતાને રૂ. ૧૦૦૦૦/ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ. ૫૦૦૦/ (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામા આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામા આવશે. આ અંગેની વધુ માહિતી મોબાઈલ ટુ સ્પોર્ટ્સ યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sports પરથી મળી શકશે.

## સીંગવડ તાલુકાના નવીપરીમાં બાળકી ઉપર દુષ્કર્મ આચરવાના ગુનામાં ફરિયાદ

સીંગવડ,

સીંગવડ તાલુકાના નવીપરી ગામે એક ૧૧ વર્ષીય બાળાને એક નરાધમ દ્વારા બાળાને પૈસાની લાલચ આપી બળજબરીપૂર્વક તેનો હાથ પકડી નજીકના ખેતરમાં લઈ જઈ દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કર્યો હતો અને અગાઉ પણ આ સગીરા સાથે શારીરિક સંબંધ બાંધવાની કોશિશ કર્યાનું જાણવા મળતાં પરિવારજનો દ્વારા આ નરાધમ વિરૂદ્ધ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

નવીપરી ગામે રહેતો જશુભાઈ રામસિંગભાઈ ભુરીયા દ્વારા ગત તારીખ ૨૩મી ડિસેમ્બરના રોજ સિંગવડ તાલુકા માં રહેતી એક ૧૧ વર્ષીય બાળાને વીસ રૂપિયાની નોટ બાળાના છાતીના ભાગે મૂકી પગલાં કર્યા હતા તથા સો રૂપિયા અને બીજા ૫૦૦ રૂપિયા આપવાની લાલચ આપી શરીર સંબંધ બાંધવાની વાત કરી હતી આ બાદ આ જશુભાઈએ બાળાને હાથ પકડી નજીકમાં આવેલ ખેતરમાં લઈ ગયો હતો અને શારીરિક દુષ્કર્મ કરવા બાળાની ખેંચતાણ કરી પ્રયત્ન કર્યા હતા પરંતુ બાળા જેમ તેમ કરી જશુભાઈ ના કબજામાંથી છૂટી પરિવારજનો પાસે પહોંચી હતી અને પરિવારજનોને જણાવ્યું હતું કે અગાઉ પણ આ જશુભાઈ દ્વારા તેની સાથે સંબંધ બાંધવાની વાત કરી હતી.

ઉપરોક્ત દ્વારા પોતાના પરિવારજનોને આ સઘળી હકીકત જણાવતા વેત પરિવારજનોમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો આ સમગ્ર મામલે બાળાના પિતા દ્વારા ઉપરોક્ત જશુભાઈ વિરૂદ્ધ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆ સીંગેડી જંગલમાં તાલીમ લેતા નવી ભરતીના પોલીસ તાલીમાર્થીઓની તાલીમ પુર્ણ

દે.બારીઆ,

દાહોદ જિલ્લાના દે.બારીઆ તાલુકાના સીંગેડી ગામે જંગલ વિસ્તારમાં છેલ્લા એક અઠવાડિયાથી રોપ કલાઈમીંગ(કડક ચઢાણ)રિકયુડ તાલીમ જેમાં નવી ભરતીના પોલીસ જવાનો આ તાલીમ આપી રહી છે. આ તાલીમમાં દાહોદ જિલ્લાના અનેક નવી ભરતીમાં સંકળાયેલ જવાનો દરરોજ તાલીમ લઈ રહ્યા છે. તાલીમનો આખરી દિવસ હોઈ દાહોદ જિલ્લાના કલેકટર અને એસ.પી.એ આ તાલીમ નિહાળવા અને જવાનોને મળવા પહોંચ્યા હતા.

દાહોદ જિલ્લામાંથી પોલીસ ભરતી માટે અનેક યુવકો દ્વારા ઉમેદવારી નોંધાવી છે. જેનુ સિલેકશન થાય છે તેઓને જિલ્લા બહાર તાલીમ આપવામાં આવતી હોય છે. પરંતુ દાહોદ જિલ્લાના ઈતિહાસમાં સૌપ્રથમ વાર દાહોદ જિલ્લાના નવી ભરતી પામેલ જવાનોને દાહોદ જિલ્લામાં જ રોપ કલાઈમીંગ જેવી તાલીમ મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત સંસ્કાર એડવેન્ચર સંસ્થા અંતર્ગત છેલ્લા એક અઠવાડિયાથી દાહોદ જિલ્લામાં નવી ભરતીના પોલીસ જવાનોને સીંગેડીના જંગલ વિસ્તારમાં તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમમાં દાહોદ જિલ્લાના લગભગ ૧૪૧ જવાનો તાલીમ લઈ રહ્યા છે. આ તાલીમમાં રોપ કલાઈમીંગ(કડક ચઢાણ)તાલીમ, લોંગી સીલીંગ, કમાન્ડો બ્રિજ, ઝુમારીંગ, ક્રેવાસ, અને ઓવર એન્ડ ફોર્મેશન ઉપરથી રેકલીંગ જેવી તાલીમ આપી રહી છે. એક અઠવાડિયાથી ચાલતી આ તાલીમનો છેલ્લો દિવસ હોઈ આ તાલીમનુ નિરીક્ષણ કરવા દાહોદ જિલ્લાના કલેકટર અને એસ.પી.સીંગેડી ખાતે આ તાલીમ સ્થળ પર ટીમ સાથે પહોંચ્યા હતા. જયાં ખુદ કલેકટર એ રોપ કલાઈમીંગ કર્યુ હતુ.

## દાહોદ જીલ્લા પંચાલ યુવા સંગઠન દ્વારા વિશ્વકર્મા જયંતિ જાહેર રજા આપો

દાહોદ,

પંચાલ યુવા સંગઠન, ગુજરાત પ્રદેશ પ્રમુખ વિશાલભાઈ પંચાલના માર્ગદર્શન હેઠળ પંચાલ યુવા સંગઠન, દાહોદ જિલ્લાની ટીમ દ્વારા વિવિધ સમાજના અગ્રણીઓ સાથે દાહોદ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી વિશ્વકર્મા જયંતીની જહેર રજાની માંગણી કરવામાં આવી.

જેમાં પંચાલ યુવા સંગઠનના દાહોદ જિલ્લાના પ્રમુખ જયેશકુમાર પંચાલ પ્રગતિ મંડળ પ્રમુખ રાજુભાઈ તથા પ્રમુખ નવયુવક મંડળ રાજેશભાઈ પંચાલ, પંચાલ યુવા સંઘઠન પ્રમુખ દાહોદ તાલુકા ના હિતેશભાઈ પંચાલ ઉપ પ્રમૂખ જીજ્ઞેશ પંચાલ .જિલ્લા કારોબારી સભ્ય દેવેન્દ્રભાઈ પંચાલ, નિલેશભાઈ પંચાલ પત્રકાર વિનોદભાઈ પંચાલ, તથા હેમંતભાઇ પંચાલ રીનાબેન પંચાલ મહિલા મોરચા પ્રમુખ દાહોદ જિલ્લા તેમજ કડિયા સમાજના મંત્રી કિરીટભાઇ કડિયા તેમજ કચ્છી લુહાર, પ્રજાપતિ સમાજ ના કાર્યકતાઓ અને સમાજનાં આગેવાનો હાજર રહ્યા હતાં.

## કોરોના કાળમાં બંધ થયેલ દાહોદ-ભોપાલ મેમુ ટ્રેન પુનઃ શરૂ કરાઈ

દાહોદ,

કોરોનાને કારણે માર્ચમાં રેલ્વેએ મુસાફરોની સુરક્ષા માટે રેલ્વે સુવિધાને લોક કરી દીધી છે. ૯ માસ બાદ સ્થિતિ થોડી સામાન્ય થતાં નિયમિત ટ્રેનોને પણ હવે પાટે લાવવાની કામગીરી શરૂ કરાઈ છે.તેમાં દાહોદ-ભોપાલ મેમુ ટ્રેન ૨૮ ડિસેમ્બરથી શરૂ કરવાની રેલ્વે દ્વારા ઘોષણા ક્રાઈ છે. દાહોદ-ભોપાલ મેમુ ટ્રેન-૦૯૩૩૯ ટ્રેન શરૂ થતાં મુસાફરોને રાહત મળશે. જો કે ટ્રેનમાં મુસાફરી માટે રિઝર્વેશન અનિવાર્ય છે. ૨૮ ડિસેમ્બરે શરૂ થનારી આ ટ્રેન દાહોદથી પરોઢે ૫.૪૦ વાગ્યે ઉપડીને ૮ વાગ્યે રતલામ, ૧૧ વાગ્યે ઉજ્જૈન અને ૩.૫૫ વાગ્યે ભોપાલ પહોંચશે. ટ્રેનો બંધ થયા બાદ રેલ્વે સ્ટેશન પર સુનકાર ભાસી રહ્યો છે. ત્યારે મોટુ ટ્રાફિક મળે છે તે ટ્રેન શરૂ થતાં હવે પરોઢે સ્ટેશને મુસાફરોની ચહલ-પહલ જોવા મળશે.

# દે.બારીઆ તાલુકાના ગામોમાં નીલગાય અને ભુંડોના ત્રાસથી ઉભા પાકોને નુકસાન : ખેડુતોને ઉજાગરા કરવાનો વારો

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના ગામડામાં મોટાભાગના ખેડુતો વરસાદી ખેતી ઉપર નિર્ભર છે. જયારે અમુક ખેડુતો પાસે સિંચાઈની વ્યવસ્થા હોય તેઓ શિયાળામાં રવિ પાક લેતા હોય છે. ચાલુ સાલે ચોમાસુ સત્રમાં ખેડુતોને ખેતીવાડીમાં કોઈ બરકત જોવા મળી નથી. મોટાભાગના ખેડુતોને ખેતીવાડીમાં બી, બિયારણ, ખોળ, ખાતર અને મજુરીના નાણાંનુ પણ વળતર ખેતીપાકોમાં મળ્યુ નથી. જે ચોમાસુ સત્ર પછી શિયાળાની સીઝનમાં ઘણાખરા ખેડુતોએ રવિ પાકોમાં મકાઈ, બાજરી, કપાસ, મગ, ઘઉં, સોયાબીન જેવા પાકોનુ વાવેપર કર્યુ હતુ. ગામડામાં અમુક ખેડુતો પાણી વેચાતુ લઈને પણ ખેતી કરે છે. ચોમાસામાં નિષ્ફળ ગયેલા પાકો કદાચ આ રવિ પાકમાં લાભ થશે તેવી આશાએ ખેડુતોની ઠગારી નીવડી છે.

દે.બારીઆના પીપલોદ, મોટીઝરી, નાનીઝરી, રામા, ચેનપુર, ભથવાડા, વાડોદર, સાલિયા, ગુણા, અંતેલા, બામરોલી, દુધિયા, મંગોઈ, રેબારી સહિત કેટલાંય ગામોમાં રાત્રિના સમયે ખેડુતો ઉજાગરા કરી રહ્યા છે કારણ કે, ખેતરોમાં મોડી સાંજે જંગલી જાનવર જેવા કે નીલગાય, જંગલી ભુંડોના ટોળા ખેતર સુધી આવી ચઢતા હોય છે. અને આ જંગલી જાનવરો ખેતીમાં મોટુ નુકસાન કરતા હોય છે. જંગલી જાનવરોને ભગાડવા માટે ગામડાના ખેડુતો ખેતરમાં લાકડાના માળા(માંડવા)બનાવતા હોય છે જે માળો ખેતરમાં બનાવી તેના ઉપર રાત્રિના સમયે જંગલી જાનવરો પાકોને નુકસાન નહિ કરે તે માટે પોતાની ખેતીવાડીની ચોકી કરતા હોય છે. રાતે ખેડુતો ડબ્બા ઠોકવા, પીપુડા વગાડવા, તથા બીજા નુસ્ખાઓ અજમાવીને જાનવરોને ભગાડી મુકતા હોય છે. દે.બારીઆ તાલુકાના મોટાભાગના જંગલ વિસ્તારને અડીને આવેલ હોય જંગલી જાનવરો ખેતરમાં ખોરાકની શોધમાં આવી જતા હોય છે અને ઘણા ખરા ખેડુતોએ ખેતરમાં સેંઢેજુની સાડીઓની વાડ પણ બનાવી છે. જેના લીધે આ જંગલી જાનવરો ખેતરોમાં ધુસતા નથી.

આમ, દે.બારીઆ તાલુકાના ગામડાઓમાં ખેડુતોની ખેતીવાડીને રાત્રિના જંગલી જાનવરો ભેલાણી કરતા હોય ખેડુતોને ઉજાગરા વેઠ્વાનો વારો આવ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 108

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા બામરોલી રોડ પર સરકારી પડતર જમીનના

# પ્લોટીંગ પછી બાકી બચેલ જમીનમાં દબાણો અટકાવવા રજૂઆત

ગોધરા,

ગોધરા બામરોલી રોડ ઉપર આવેલ સર્વે નંબર ૨૩૫+૨૩૬વાળી સરકારી જમીન નિયમોનુસાર સરકારી રેવન્યુ વિભાગન કર્મચારીઓને ફળવાઈ હતી. જમીનમાં ૩૩ પ્લોટો પાડીને વ્યક્તિગત કબજા હકકની રકમ લઈને ફાળવવામાં આવેલ છે અને હાલ મકાનો બની ગયેલ છે. સર્વે નંબર ૨૪૬+૨૪૭ના કબજેદાર દ્વારા પ્લોટો પાડીને વેચાણ કરેલ છે. આ પ્લોટોના ધારકો દ્વારા સરકારી પડતર જમીનમાં દબાણ કરીને બાંધકામ કરાઈ રહ્યા છે. ત્યારે સરકારી પડતર જમીનમાં હદ નિશાન કરી આપવામાં આવે તેવી માંગ સાથે શિવમ્ પાર્ક સોસાયટીના રહિશો દ્વારા જીલ્લા લેન્ડ રેકર્ડ વિભાગને લેખિત રજુઆત કરવામાં આવી છે.



ગોધરા બામરોલી રોડ ઉપર આવેલ સર્વે નંબર ૨૩૫+૨૩૬વાળી સરકારી પડતર જમીન નિયમોનુસાર સરકારી રેવન્યુ વિભાગના કર્મચારીઓને રહેણાંક હેતુસર જમીનમાં ૩૩ પ્લોટો પાડીને કર્મચારીઓને રહેણાંક હેતુસર જમીનમાં ૩૩ પ્લોટો પાડીને કર્મચારીઓને વ્યકિતગત કબજાના હકકની રકમ લઈને ફાળવવામાં આવેલ છે અને આ સરકારી જમીનમાં રેવન્યુ વિભાગના કર્મચારીઓને રહેણાંક મકાનો બની ગયેલ છે અને શિવમ્ પાર્ક સોસાયટીના નામની નગર પાલિકામાં નોંધ પણ કરેલ છે. આ સરકારી જમીનના દક્ષિણ દિશામાં સર્વે નંબર ૨૪૬+૨૪૭ વાળી જમીનના કબ્જેદાર દ્વારા જમીનમાં પ્લોટીંગ કરીને પ્લોટનું વેચાણ કરેલ છે. જેથી સરકારી જમીનની પડતર જમીનમાં પ્લોટોના ધારકો ગેરકાયદેસર રીતે જમીનમાં દબાણ કરીને બાંધકામ કરી રહ્યા છે. સરકારી જમીનમાં સરકારી મહેસુલ વિભાગના કર્મચારીઓ માટે પ્લોટીંગ કરવામાં આવ્યું હતું. ખૂણે ખાંચરે પ્લોટ પાડવામાં આવતાં સરકારી જમીનમાં દબાણ કરીને બાંધકામ થઈ રહ્યું છે. આ મહેસુલ વિભાગના કર્મચારીઓને રહેણાંક હેતુ માટે ફળવાયેલ જમીન બાંધકામ થયા બાદ જે સરકારી પડતર જમીન વધી છે. તેવી જમીનનું હદ નિશાન (ડી મારકેશન) કરી આપવામાં આવે તો શિવમ્ પાર્ક સોસાયટીના રહિશો કમ્પાઉન્ડ વોલ બાંધકામ કરવા ઈચ્છતા હોય જેને લઈ જીલ્લા લેન્ડ એન્ડ રેકર્ડ વિભાગને લેખિત રજુઆત કરી જમીનના હદ નિશાન માપણી કરી આપવામાં આવે તેવી માંગ કરાઈ છે.

### શિવમ્ પાર્કની બાજુમાં માલિકની જમીનમાં પ્લોટીંગ થતાં પ્લોટ ધારકો દ્વારા સરકારી જમીનમાં દબાણ કરી બાંધકામ કરાતું અટકાવવું જરૂરી

### શિવમ્ પાર્ક પાસેથી પસાર થતી વરસાદી પાણીના નિકાલની કાંસ ઉપર થતાં દબાણ થી ભવિષ્યમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા ઉભી થશે

સરકારી પડતર જમીન સરકારી નિયમોનુસાર મહેસુલ વિભાગના કર્મચારીઓને રહેણાંક હેતુસર વ્યકિતગત કબ્જા હકકની રકમ લઈને ફાળવવામાં આવેલ છે. આ જમીનમાં ૩૩ પ્લોટ પાડીને કર્મચારીઓને ફાળવવામાં આવતાં બાંધકામ પણ થઈ ગયેલ છે. જ્યારે દક્ષિણ દિશામાં પડતા સર્વે નંબર ૨૪૬+૨૪૭ વાળી માલિકીની જમીનમાં પ્લોટીંગ થયેલ છે. આ પ્લોટીંગવાળા ધારકો દ્વારા સરકારી જમીનમાં દબાણ કરીને બાંધકામ કરવામાં આવી રહયું છે. આ સાથે સરકારી જમીન પાસેથી વરસાદી પાણીના નિકાલની કાંસ પસાર થઈ છે. આ વરસાદી પાણીના નિકાલવાળી કાંસ ઉપર દબાણ કરીને બાંધકામ કરવામાં આવી રહ્યું છે. જેને લઈ ભવિષ્યમાં વરસાદી પાણીનો નિકાલ થવામાં અડચણ ઉભી થશે. જેને લઈ શિવમ્ પાર્ક સોસાયટી સહિત આસપાસની સોસાયટીમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ શકે છે. તેને ધ્યાનમાં લઈ પાણી પહેલા પાળ બાંધવામાં આવે તે જરૂરી છે.

## જાંબુઘોડા અભ્યારણના જંગલ માંથી સાગના લાકડા ચોરી કરતી ટીમ દ્વારા વન્ય પ્રાણી વિભાગની ટીમ પર હુમલાનો નિષ્ફળ પ્રયાસ

જાંબુઘોડા,

જાંબુઘોડા તાલુકાના પીપીયા ગામના જંગલમાંથી સાગી લાકડાનો જથ્થો ભરીને ટ્રકમાં લઈ જવાઈ રહ્યો છે. તેવી બાતમીના વન્ય પ્રાણી વિભાગની ટીમને મળી હતી. આ બાબતે જાંબુઘોડા આર.એફ.ઓ.ને જાણ કરી તેઓની સુચના થી તપાસમાં જતા હતા. ત્યારે લાકડા ભરીને આવતી ટ્રકનું પાયલોટીંગ કરતાં બાઈકને રોકવા જતાં બાઈક ચાલક પાછળ બેઠેલ ઈસમે ટીમ ઉપર કરેલ હુમલાના પ્રયાસ નિષ્ફળ રહેતા બાઈક ચાલક નાશી છુટીયો હતો. જ્યારે ટ્રક ચાલક સહિત ચાર ઈસમો ઝડપાઈ જવા પામ્યા છે.



જાંબુઘોડા અભ્યારણ વિસ્તારમાં આવેલ પીપીયા ગામના જંગલમાંથી સાગી લાકડાનો જથ્થો ટ્રકમાં ભરીને લઈ જઈ રહ્યા છે. તેવી બાતમી વન્ય પ્રાણી વિભાગની પેટ્રોલીંગ ટીમને મળી હતી. સાગી લાકડા ભરીને ટ્રક પસાર થતી હોવાની માહિની વન્ય પ્રાણી વિભાગની ટીમ દ્વારા જાંબુઘોડા આર.એફ.ઓ.ને કરવામાં આવી હતી. જાંબુઘોડા આર.એફ.ઓ.ની સુચનાથી બાતમીવાળા સ્થળે વન્ય પ્રાણી વિભાગની ટીમ જઈ રહી હતી. ત્યારે ટ્રક નંબર જીજે.૦૬.બીટી. ૨૦૬૪ પસાર થતી હોય તેની આગળ બાઈક ઉપર પેટ્રોલીંગ કરતાં ઈસમને રોકવા વન્ય પ્રાણી વિભાગની ટીમે હાથ કર્યો હતો. ત્યારે બાઈક પાછળ બેઠેલ લાકડા ચોરી ઈસમ દ્વારા લોખંડની નરાશ દ્વારા પેટ્રોલીંગ ટીમ ઉપર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હુમલાનો પ્રયાસ નિષ્ફળ જતાં બાઈક ચાલક સ્થળ ઉપર બાઈક છોડી નાશી છુટીયો હતો. જ્યારે બાઈક પાછળ નરાસ લઈને બેઠેલ ઈસમ તેમજ ટ્રક ચાલક સહિત ઝડપાઈ ગયા હતા. જાંબુઘોડા વન્ય પ્રાણી વિભાગની પેટ્રોલીંગ ટીમ દ્વારા રમેશ મનસુખ રાઠવા રહે.વિશાળી, શૈલેષ વિક્રમ બારીયા રહે.વિશાળી, નિલેશ કલ્યાણ બારીયા રહે.વિશાળી, લક્ષ્મણ રમણ નાયક રહે. પીપીયાને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે બાઈક છોડી નાશી છુટેલ અશ્વિન કલ્યાણ નાયક વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. પકડાયેલ ચારે ઈસમો દારૂ પીધેલ હોય જેને લઈ જાંબુઘોડા પોલીસને સોંપવામાં આવ્યા. આ બાબતે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાઈ.

## શહેરાના લીમડી ચોર વિસ્તારમાં કત્તલના ઈરાદે બાંધી રાખેલ ૩૦ પશુઓ બચાવાયા

શહેરા,

શહેરા નગર ના લીમડી ચોક વિસ્તાર માંથી પોલીસે કતલ ના ઈરાદે બાંધી રાખેલ ૩૦ જેટલા પશુઓને બચાવી લઈને પાંજરાપોળ ગોધરા ખાતે મોકલી દીધા હતા. પોલીસે રૂપિયા ૨,૨૫૦૦૦ ના પશુઓ સાથે એક વ્યક્તિ સામે ફરિયાદ નોધી છે.

શહેરા નગરના લીમડી ચોક વિસ્તારમાં કતલ કરવાના ઈરાદે પશુઓને બાંધી રાખેલ હોવાની માહિતી જિલ્લા એસ.ઓ.જી પોલીસ ને મળી હતી. મળેલ માહિતીને હકીકત ગણીને રવિવારની રાત્રીએ પોલીસે



તસ્વીર : તુષાર દરજી, શહેરા

ગૌરક્ષકો પ્રજ્ઞેશ સોની અને પ્રતીક હર્ષદભાઈ ખરાદીને સાથે રાખી લીમડી ચોક વિસ્તારમાં વસીમ ખાન માસુમ ખાન પઠાણના ઘર પાસે તપાસ કરતા ઢોર બાંધવાના વાડામાં ગૌવંશોને ઘાસચારો કે પીવાના પાણીની કોઈ વ્યવસ્થા રાખ્યા વગર કતલ કરવાના ઈરાદે બાંધી રાખેલા મળી આવ્યા હતા. પોલીસે તમામ પશુઓને બચાવી લઈને પોલીસ મથક ખાતે લાવવામાં આવ્યા હતા. પોલીસે ૨,૨૫૦૦૦ કિંમતના ગાય નંગ ૧૧, વાછરડા નંગ ૧૧, બળદ નંગ ૪ અને વાછરડી નંગ ૪ કુલ મળી ને ૩૦ જેટલા પશુઓને પાંજરાપોળ ગોધરા ખાતે મોકલી દીધા હતા. તાલુકા પોલીસ મથક ખાતે એસ.ઓ.જી. પોલીસમાં ફરજ બજાવતા હિતેશકુમાર આરતસિંહની ફરિયાદના આધારે વસીમખાન માસુમખાન પઠાણ સામે ગુનો નોંધીને વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા હતા. ઉલ્લેખનીય છેકે, નગર અને તાલુકાના વિસ્તારમાં રોડને અડીને મટન શોપ તંત્ર ની કોઈપણ મંજૂરી વગર ધમધમી રહી હોવા છતાં આ સામે કોઈજ અસર કારક કાર્યવાહી નહી કરવામાં આવતા બિલાડીની ટોપ ની જેમ ઠેર ઠેર ખૂલી રહી છે. ત્યારે આ સામે કાર્યવાહી હાથ ધરે તે પણ અત્યંત જરૂરી બન્યું હોવાનું લોકોમાં ચર્ચાઈ રહયુ છે.

## ગોધરા શહેર બિલ્કીસ પ્લોટથી થોડે દુર ઝાડીમાં ગોંધી રાખેલ ૩ પશુઓ પોલીસે બચાવ્યા

ગોધરા,

ગોધરા મરીયમ મસ્જીદ પાછળ બિલ્કીસ પ્લોટ થી થોડે દુર આવેલ ઝાડીઓમાં ગૌવંશને ઘાસચારો કે પાણી વગર ગોંધી રાખવામાં આવ્યા છે. તેવી બાતમીના આધારે રેડ કરી ૩ પશુઓ ગૌવંશ કિંમત ૩૦,૦૦૦/–ને છોડાવી લેવામાં આવ્યા. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા મરીયમ મસ્જીદ પાછળ બિલ્કીસ પ્લોટ થી થોડે દુર આવેલ બાવળની ઝાડીઓમાં કત્તલના ઈરાદે ગૌવંશ ગોંધી રાખવામાં આવ્યા છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૩ ગૌવંશ કિંમત ૩૦,૦૦૦/–રૂપીયાના બચાવી લેવામાં આવ્યા. પોલીસની રેડ દરમ્યાન બિલાલ અબ્દુલ રબ દાવ, ઈમરાન બિલાલ દાવ બન્ને ઈસમો નાશી છુટીયા હતા. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ ફરીયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

આજરોજ ABVP SGGU (અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી) દ્વારા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કેમ્પસમાં પ્રવેશ મેળવવા માટે જે ચિઠ્ઠી પ્રક્રિયા હતી. જેના કારણે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના બહાર ઉભું રહેવું પડતું હતું અને તેઓને યુનિવર્સિટી દ્વારા કોઈ યોગ્ય જવાબ આપવામાં આવતો ન હતો. તેથી તેના વિરોધમાં આવેદન પત્ર આપી દરેક વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કેમ્પસમાં પ્રવેશ આપવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી.

## પંચમહાલના લેખક ડો.પ્રવીણભાઈ અમીનના પાંચ પુસ્તકો (ગ્રંથ પંચમ)નો લોકાર્પણ



ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગૌરવ સમા અને ખ્યાતનામ લેખક ડો.પ્રવીણભાઈ અમીનના પાંચ પુસ્તક એવા ગ્રંથ પંચમનો લોકાર્પણ કાર્યક્રમ ગોધરા શહેરના રેડક્રોસ હોલ ખાતે યોજાયો હતો. જેમાં ગોધરાના લોકલાડીલા ધારાસભ્ય સી.કે.રાઉલજી તેમજ જિલ્લાના અને જિલ્લા બહારના ખ્યાતનામ હસ્તીઓની ઉપસ્થિતિમાં આ ગ્રંથ વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડો.પ્રવીણ અમીનના પાંચ પુસ્તકો પૈકી ‘‘આ છે મારી માં‘‘ નામનું પુસ્તક તેઓની માતા લાલીબા (૯૫ વર્ષ)ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ અન્ય ગ્રંથોમાં ‘‘હુંછુંશિક્ષક, મારી અંતરની પ્રાર્થના, ભીમાય નમઃ, લેખાવલી‘‘ ગ્રંથોનું વિમોચન ધારાસભ્ય સી.કે.રાઉલજીના હસ્તે કરવામાં આવ્યું. આ ઉપરાંત આ કાર્યક્રમ અંતર્ગત વિશિષ્ટ અને વરિષ્ઠ ક્ષેત્રમાં વિવિધ કામગીરી કરનારા કપિલા પરમાર(પી.એસ.આઇ), ઈન્દ્રવદનભાઈ પરમાર, નયનાબેન (ગોલ્ડ મેડલીસ્ટ) વીરલ ભાઈ, હેપ્પી દેસાઈ, અનિલ પરમાર, ડો.જિજ્ઞાસા પરમાર ને તથાગત બુદ્ધની ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા. આ ગ્રંથ પંચમ કાર્યક્રમમાં જેઠાભાઈ જે.વણકર, નાથાભાઈ વણકર, જીતુભાઈ અમીન, નારણભાઈ પરમાર, રાકેશ ચૌહાણ, મણિલાલ પાટીલ, વી.ડી.પરમાર, વિનોદ ગાંધી, મનોજ મિશ્રા, હર્ષદ નિઝાર અને જ્યોત્સના નિઝાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા તાલુકાના ભામૈયા(પૂર્વ)માં ખોટા વારસાઈ દાખલ કરવા અંગે મનાઈ હુકમ ફરમાવતા નાયબ કલેકટર

ગોધરા,

ગોધરા તાલુકાના ભામૈયા (પૂર્વ)ની જમીનો મુખ્ય હાઈવે રસ્તા ઉપર આવેલ છે. જમીનો પર ખોટી બદ્દાનતથી પડાવી લેવા કારસ્તાનો થઈ રહયાં છે.

ગોધરા તાલુકાના ભામૈયાના સર્વેનંબર–૨૮૦ ની જમીન પડાવી પાડવાના બદ્દઈરાદાથી ઈરમાઈલ એહમદ કુરકુરના ખોટા વારસદારો અંગેનુ સોગંદનામું કરી પેઢીનામુ કરી રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરાવેલ હતું. સદર બાબતની જાણકારી થતા ખદીજાબીબી ઉસ્માન બેલીના વારસદારોએ નાયબ કલેકટર પ્રાન્ત ગોધરા પંચમહાલ ગોધરા સમક્ષ રેકર્ડ સાથે ચેડા કરી કિંમતી જમીન પડાવી લેવાના આશયથી ભામૈયાના સર્વે નંબર–૨૮૦ માં ખોટુ પેઢીનામુ તથા સોગંદનામુ કરી અધુરૂ સોગંદનામુ કરી સાચા વારસદારો છુપાવી નામ દાખલ કરવા અંગેના રેવન્યુ રેકર્ડ અંગે આર .ટી.એસ . અપીલ ગોધરાના વકીલ એ.આર. પારેખ દ્વારા દાખલ કરવામાં આવેલ હતી. અને સદર અપીલના કામે આજરોજ નાયબ કલેકટર પ્રાન્ત પંચમહાલ ગોધરા એ સદર રેવન્યુ રેકર્ડમાં કરેલ ફેરફાર નોંધ વિરૂદધ મનાઈહુકમ ફરમાવેલ છે.

## શહેરા પાનમ ટોલ નાકા પાસે ટ્રક અને પીકઅપ વાહન વચ્ચે અકસ્માતમાં એક યુવાનનું મોત

શહેરા,

શહેરા પાનમ ટોલનાકા પાસે ટ્રક અને શાકભાજી ભરેલ મહિન્દ્રા પીકઅપ વાહન વચ્ચે અકસ્માત સર્જાતા પીકઅપ મા બેઠેલા એક યુવાનનુ મોત નિપજયું હતું.જ્યારે ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા સારવાર માટે ખસેડ્યા હતા.આ મામલે પોલીસ એ ફરિયાદ નોધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શહેરા લૂણાવાડા હાઈવે માર્ગ ઉપર હોસેલાવ થી પાનમ ટોલનાકા સુધીના એક તરફના માર્ગની મરામત કામગીરી ચાલી રહી છે.જેને લઈને એક તરફનો વાહનવ્યવહાર બંધ કરીને બીજામાર્ગ પર અવરજવર માટે વાહનવ્યવહાર શરૂ રાખવામા આવેલ હતો. જ્યારે રવિવારની



રાત્રીએ પાનમટોલ નાકા પાસે શાકભાજી ભરીને જતી મહિન્દ્રા પીકઅપ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ધડાકાભેર બે વાહનો સામસામે ટકરાતા પીકઅપ ગાડીમાં બેઠેલ ડ્રાઈવર સહિતના અન્ય બે ઈસમો કેબીનમાં ફસાયા હતા. બનેલા અકસ્માતને પસાર થતા વાહનચાલકો તેમજ આસપાસ રહેતા સ્થાનિકો મદદ માટે દોડી આવ્યા હતા. જોકે પીકઅપ કેબીનમા બેઠેલા ઈસમો બહાર નીકળી ન શકે તેવી પરિસ્થીતી સર્જાતા જેસીબી મશીનની મદદ લેવામા આવી હતી. મહામહેનતે પીકઅપમા ફસાયેલા ઈસમોને બહાર કાઢવામાં આવ્યા હતા.આ અકસ્માતમા ઈજા પહોચેલા ચાર વ્યક્તિઓને ૧૦૮ સેવા દ્વારા શહેરા રેફરલ હોસ્પિટલ ખાતે લાવામા આવ્યા હતા. આ અકસ્માતમાં પીકઅપમા બેઠેલા એક ઈસમ ગોપાલભાઈ ભલજીભાઈ ગુનિયા ઉ.વ ૨૨ રહે.ઉમાખેડી તા. પેટલાબાદ જી.ઝાબવા (મધ્યપ્રદેશ)નું મોત નિપજયું હતું.પોલીસે ઘટના સ્થળે પહોચીને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છેકે આ રોડની કામગીરી શરૂ થઈ ત્યારે પણ ડમ્પર અને ઈકોગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈ ગોધરા કોંગ્રેસ સમન્વય સમિતિ મીટીંગ મળી



ગોધરા.

ગોધરા તાલુકા કોંગ્રેસની સમનવય સમિતિની મીટીંગ સફળતા પૂર્વક મળેલ જેમાં આગામી સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણીમાં પક્ષ સફળતા મેળવે તે સંકલ્પ સાથે ઉપસ્થિત સૌ હોદ્દેદારો – અગ્રગણ્યો કાર્યકરો વિગેરે નિષ્ઠા પૂર્વક નિર્ણય કરેલ. જિલ્લા સંયોજકો તાલુકા સંયોજકો જનમિત્રોને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ અને પંચમહાલ જિલ્લાના પ્રભારી ચંદ્રિકાબેન બારીયા, બાલાસિનોરના ધારાસભ્ય અને પંચમહાલ જિલ્લાના પ્રભારી અજીતસિંહ ચૌહાણ, પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટી ગોધરા વિધાનસભાના અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી આગેવાન રાજેન્દ્ર પરમાર, ગોધરા તાલુકા પ્રમુખ આર.એન.પટેલ સંગઠનના આગેવાનો હોદ્દેદારો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.